ૐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ

ૐ શ્રી સદ્‌ગુરૂભ્યો નમઃ

ૐ

# કીર્તન કલિકા

સત્યં વદ

તત્ત્વમસિ

અયમાત્મા બ્રહ્મ

ધર્મં ચર

પ્રજ્ઞાનં બ્રહ્મ

અહં બ્રહ્માસ્મિ



રચયિતા : પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ
શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ–વેદાન્તાચાર્ય

જય શ્રી સચ્ચિદાનંદ



ૐ નમઃ શિવાય



પ.પૂ. આદ્ય જગદ્‌ગુરૂ
શ્રી શંકરાચાર્ય ભગવાન



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ
શ્રોત્રિયબ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮

# સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રી

# બે બોલ

સરળ રીતે માનવ જીવનને પ્રભુમય બનાવવાનો ઉપાય કીર્તન-ભક્તિછે. કીર્તન દ્વારા તન-મન પ્રભુમય બને છે અને કીર્તનના માધ્યમથી જ્ઞાન સંચય પણ સરળ રીતે થાય છે. પરમ પૂજ્ય સ્વામી શ્રી અખંડાનંદસાગરજી મહારાજના સરળ રીતે રચેલાં, નાનામોટા સહુને ફાવે તેવાં આ થોડાક ભજનો અને કીર્તનો સર્વેને થોડા પણ પ્રભુમય બમનાવવામાં સાથ આપે તો હું મારો પુરૂષાર્થ સફળ સમજીશ.

પરમ પૂજય પ્રાતઃ સ્મરણીય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય સંવત ૨૦૩૩ માં લીંબાસી ગામે પ્રથમ ચાતુર્માસ પ્રસંગે પધાર્યા એની યાદી રૂપે આ પુસ્તિકા હસ્તલિખિત, જેના પરથી પુનઃ મુદ્રણ કાર્ય કરી પ્રકાશિત કરીએ છીએ. સર્વો ભક્તો ભજનનો લાભ લેજો તથા કીર્તન કલિકાને સારી રીતે સાચવજો અને જ્યાં ત્યાં નાખી મુકશો નહિ એવી નમ્ર વિનંતી સાથે સર્વોને જય સચ્ચિદાનંદ...

**પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ**
**શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી**
**શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીના આશીર્વાદથી.**
**તેમજ પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી**
**જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની પ્રેરણાથી**

# 'કીર્તન કલિકા'

**પુસ્તક પ્રગટ કરવામાં આવેલ છે.**

## સૌજન્ય

અણઘણ પરિવાર દ્વારા
સ્વ. પ્રાગજીભાઈ ભીખાભાઈ અણઘણ
ગં.સ્વ. જશુબેન પ્રાગજીભાઈ અણઘણ

અ.સૌ. લાભુબેન તથા શ્રી વિનુભાઈ પ્રાગજીભાઈ અણઘણ
અ.સૌ. કૈલાસબેન તથા શ્રી વશરામભાઈ પ્રાગજીભાઈ અણઘણ
અ.સૌ. અરૂણાબેન તથા શ્રી પ્રવિણભાઈ પ્રાગજીભાઈ અણઘણ
અ.સૌ. શ્રદ્ધાબેન તથા શ્રી હાર્દિકભાઈ વિનુભાઈ અણઘણ
અ.સૌ. ક્રિષ્નાબેન તથા શ્રી અમીતભાઈ વશરામભાઈ અણઘણ
અ.સૌ. કાજલબેન તથા શ્રી જેમીનભાઈ વશરામભાઈ અણઘણ
અ.સૌ. શ્વેતાબેન તથા શ્રી રવિભાઈ વિનુભાઈ અણઘણ
શ્રી આનંદભાઈ પ્રવિણભાઈ અણઘણ કુ. દિયાના અમીતભાઈ અણઘણ
કુ. પ્રિથા હાર્દિકભાઈ અણઘણ શ્રી પ્રેમકુમાર જેમીનભાઈ અણઘણ
શ્રી જીહાન હાર્દિકભાઈ અણઘણ શ્રી જીયાંશ અમીતભાઈ અણઘણ
કુ. ધ્રીયા જેમીનભાઈ અણઘણ

**અણઘણ પરિવાર ગામ : નવા નાવડાના જયશ્રી સચ્ચિદાનંદ**

● આવૃતિ : ૬ ● ● પ્રત : ૩,૦૦૦ નકલ ●

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી** મહારાજ વેદાન્તાચાર્યશ્રીના મુખારવિંદથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ નિમિત્તે સુરત શહેરના આંગણે સં. ૨૦૭૯ કારતક સુદ-૨ ને ગુરુવાર તા. ૨૭-૧૦-૨૦૨૨ના રોજ પાવન પ્રસંગે શ્રી કીર્તન કલિકા પુસ્તિકા પ્રગટ કરવામાં આવે છે.

# અનુક્રમણિક


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | બે - બોલ | ૧ |
| ૨ | સૌજન્ય | ૨ |
| ૩ | ૧ - આજે સહુને સચ્ચિદાનંદ | ૭ |
| ૪ | ૨ - સત્સંગમાં નિત્ય આવો | ૭ |
| ૫ | ૩ - જાગો હવે ઉધાર પોતાનો | ૮ |
| ૬ | ૪ - રાખો રાખો નિષ્ઠા પ્રભુમાં | ૯ |
| ૭ | ૫ - સંત સમાગમ સાર | ૯ |
| ૮ | ૬ - ગાંડો થઈને ગુમાન કરે | ૧૦ |
| ૯ | ૭ - મનની કામના મેલીને | ૧૦ |
| ૧૦ | ૮ - ગુરૂ ચરણ જઈ | ૧૧ |
| ૧૧ | ૯ - મોક્ષ તણા છે સાધન નાના | ૧૨ |
| ૧૨ | ૧૦ - આળસ મેલી કર્મ કરે તે | ૧૨ |
| ૧૩ | ૧૧ - ચિંતા રહિત જીવો | ૧૩ |
| ૧૪ | ૧૨ - જાગો જાગો હવે ઉંઘથી | ૧૪ |
| ૧૫ | ૧૩ - કર્મ થકી અવિદ્યા નહી મટશે | ૧૫ |
| ૧૬ | ૧૪ - સ્થૂલ શરીરને મારૂ માને | ૧૫ |
| ૧૭ | ૧૫ - સંત પુરૂષનો સંગ એવો | ૧૬ |
| ૧૮ | ૧૬ - ચિંતા તજી સચ્ચિદાનંદ ભજવા | ૧૭ |
| ૧૯ | ૧૭ - આપહી જાગો આપહી ઉઠો | ૧૮ |
| ૨૦ | ૧૮ - પુરણ બ્રહ્મ દયાળુ ગુરૂદેવ છે | ૧૮ |

| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૨૧ | ૧૯ - પ્રભુ એવી દયા કર તું | ૧૯ |
| ૨૨ | ૨૦ - પઢો તો પઢાવું તમને રે | ૨૦ |
| ૨૩ | ૨૧ - સચ્ચિદાનંદ રૂપ તારૂ રે | ૨૧ |
| ૨૪ | ૨૨ - થાવો બાળક સાચા | ૨૧ |
| ૨૫ | ૨૩ - આવ્યો છે તું આ સંસારે | ૨૨ |
| ૨૬ | ૨૪ - પડવે આવો પ્રભુના ધામમાં | ૨૩ |
| ૨૭ | ૨૫ - ભજો સચ્ચિદાનંદ સુખકારી | ૨૪ |
| ૨૮ | ૨૬ - ભજવા ભજવા શ્રી ભગવાન | ૨૫ |
| ૨૯ | ૨૭ - સેવા સદ્ગુરુની કરવી | ૨૫ |
| ૩૦ | ૨૮ - રાખો પુર પ્રીતિ ભગવાનમાં | ૨૬ |
| ૩૧ | ૨૯ - જરા સમજો તો સમજાવું | ૨૭ |
| ૩૨ | ૩૦ - શાનં ચિંતા કરે છે તું મનમાં | ૨૭ |
| ૩૩ | ૩૧ - અનામી છે છતાં નામી | ૨૮ |
| ૩૪ | ૩૨ - તું તો સ્મરણ કર સચ્ચિદાનંદનું | ૨૮ |
| ૩૫ | ૩૩ - આટલો સંદેશો મારા સદ્ગુરુને | ૨૯ |
| ૩૬ | ૩૪ - આટલો ઉત્તર શાણા શિષ્યોરે | ૩૦ |
| ૩૭ | ૩૫ - બોલ સચ્ચિદાનંદ | ૩૧ |
| ૩૮ | ૩૬ - થશુ સૈનિક સાચા | ૩૨ |
| ૩૯ | ૩૭ - મધુર મધુર લાગે ગુરૂજીની વાણી | ૩૩ |
| ૪૦ | ૩૮ - તારે આધારે અમે ચાલીયેને | ૩૩ |
| ૪૧ | ૩૯ - ગુંજતો ગુંજતો નાદ | ૩૪ |

| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૪૨ | ૪૦ - જ્ઞાન ગાડી આવી | ૩૪ |
| ૪૩ | ૪૧ - માધવાનંદ આશ્રમ જળહળે | ૩૫ |
| ૪૪ | ૪૨ - પ્રેમ ભરેલું હૈયું લઈને | ૩૬ |
| ૪૫ | ૪૩ - આવજો આવજો રે | ૩૬ |
| ૪૬ | ૪૪ - એ એવા આનંદ સ્વામીજીની | ૩૭ |
| ૪૭ | ૪૫ - ગુરૂજી કથા-કીર્તનવાળા | ૩૭ |
| ૪૮ | ૪૬ - જનારા જાવછો તમે કયા | ૩૮ |
| ૪૯ | ૪૭ - પરદેશીની પ્રિત રે સ્વામીજી | ૩૯ |
| ૫૦ | ૪૮ - ભજમન પ્રભુ પરમ સુખદાઈ | ૩૯ |
| ૫૧ | ૪૯ - સત્ય સંકલ્પ ને સત્ય ભાવના | ૪૦ |
| ૫૨ | ૫૦ - રંગ લાગ્યો ગુરૂજી મને પ્યારો | ૪૧ |
| ૫૩ | ૫૧ - અવસર રૂડો આવ્યો છે | ૪૨ |
| ૫૪ | ૫૨ - ભજનમાં આવો નર ને નાર | ૪૨ |
| ૫૫ | ૫૩ - સત્સંગમા આવો નર ને નાર | ૪૩ |
| ૫૬ | ૫૪ - આવો આવો લેવા ભજનનો | ૪૪ |
| ૫૭ | ૫૫ - તમારા સંગમાં રહીશું | ૪૫ |
| ૫૮ | ૫૬ - અમારા પ્રાણથી પ્યારા | ૪૬ |
| ૫૯ | ૫૭ - ભક્તિ કરવી રે પુરણ પ્રિતે રે | ૪૬ |
| ૬૦ | ૫૮ - પ્રભુ એવી દયા કરતું | ૪૭ |
| ૬૧ | ૫૯ - સાચુ રે શરણું સદ્દગુરૂદેવનું રે | ૪૮ |
| ૬૨ | ૬૦ - ગુરૂગુણ ગાજો રે | ૪૮ |

| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૬૩ | ૬૧ - સચ્ચિદાનંદ ભાવે ભજ જે રે | ૪૯ |
| ૬૪ | નમુ મનું ગુરૂજીને વારંવાર | ૫૦ |
| ૬૫ | ગઝલ - ગમે તેવો ગણો મુજને | ૫૩ |
| ૬૬ | શ્રી ચર્પટમંજકિતા સ્તોત્રમ્ | ૫૪ |
| | **પ્રભાતીયા** | |
| ૬૭ | ૧ - પ્રાત સમે ઉઠીને પ્રાણી | ૫૭ |
| ૬૮ | ૨ - અખિલ બ્રહ્માંડમાં | ૫૭ |
| ૬૯ | ૩ - સદા સદ્ગુરૂ ચરણમાં | ૫૮ |
| ૭૦ | ૪ - વૈરાગ્યના પદને | ૫૯ |
| ૭૧ | ૫ - અંત સમે સદ્ગુરૂનાથજી મારા | ૫૯ |
| ૭૨ | આત્મષટક - મનોબુધ્યહંકાર ચિત્તાનિ | ૬૦ |
| ૭૩ | શ્રી માધવાનંદ બાવની | ૬૨ |
| ૭૪ | ચિંતન કણીકાનો સંપુટ | ૬૫ |

## (૧)

આજે સહુને સચ્ચિદાનંદ કાલે વહેલા આવજો
આવો ત્યારે સગાસંબન્ધી સાથે તેડી લાવજો. આજે..
સત્સંગ સારો મન વિચારો, ઉતરવાનો આરો.
મંગળમય મૂર્તિ પ્રભુજીની નિત્ય અંતરમાં ધારો. આજે..
સત્સંગતથી જીવન સુધરે, તે નિશ્ચય ઉર રાખો
હળીમળીને પ્રીતે પ્રીતે, પ્રેમે પ્રભુરસ ચાખો. આજે..
સત્સંગતના સહુ અધિકારી, મન ચિંતા ન લાવો
નાના મોટા બહેનો ભાઈઓ, સંપી જંપી આવો. આજે..
આળસમેલી વખતે આવો, લેવા મંગળ લ્હાવો
શાણા તમને સાચું કહું છું, ફરી અવસર નહી મળે આવો. આજે..
પ્રભુરસ પીવામા જે પ્રાણી, પાછું પગલું ભરશે
શ્વાન સુક્કરના શરીર ધરીને, જયાં ત્યાં તે રડવડશે. આજે..
ગુરુ ગુણ ગાવા બ્રહ્મરસ પીવા, લેવા મંગળ લ્હાવો
ઘરના કામો છોડી દઈને, વહેલા વહેલા આવો. આજે..
જ્ઞાન ગંગામાં પ્રીતે ન્હાતા, સઘળા પાતક જાશે
મન હરખાશે આનન્દ થાશે, સાચું રહસ્ય સમજાશે. આજે..
લેવું દેવું કાંઈ નથી પણ, પ્રભુમાં શ્રદ્ધા રાખો
અખંડ-આનંદ ઉરમાં રાખી, પ્રેમે પ્રભુ રસ ચાખો. આજે..

## (૨)

સત્સંગતમાં નિત્ય આવો,તમો પ્રેમે પ્રભુ ગુણ ગાવો
તમો જ્ઞાનગંગામાં ન્હાવો, લેવા જીવનનો લ્હાવો
આ અવસર આવ્યો સારો, જરા અંતરમાં વિચારો
જો ચુકીશ આવો દાવો, તો થાશે પુરણ પસ્તાવો

શુક્ર સનકાદિ ને નારદ, શિવ બ્રહ્મા વિષ્ણુ શારદ
તે પ્રેમે પ્રભુરસ પીતા, ગુણ સત્સંગતના ગાતા
સત્સંગતના જ પ્રતાપે, વાલ્મીકિ ઋષિ બની જાવે
તોરલના સંગે જેસલ, પાપ રહિત બની જાવે
સત્સંગ સુધારસ પીવે, તે કાળ થકી ન બીવે
જીવ શિવનો સંશય ટળશે, જઈ અખંડ રસમાં ભળશે.

## (3)

### (અનુભવીને એકલા આનંદમાં રહેવું રે
### ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું - એ રાગ)

જાગો હવે ઉદ્ધાર પોતાનો, પોતે કરો રે,
આળસને કાયરતા દૂર કરો રે. જાગો હવે..
આવો રૂડો અવસર ફરી, નહી મળે રે,
જો સુઈશ તો ચૌરાશીનો ફેરો થાશે રે. જાગો હવે..
શુક્ર જાગ્યા સનકાદિ જાગ્યા, જાગ્યા નારદ રે,
જાગ્યા એતો સુખીયા થયા, દુઃખડા ટળ્યા રે. જાગો હવે..
રામ જાગ્યાને શ્યામ જાગ્યા રે, જાગ્યા શંકરાચાર્ય,
ગુરુ સેવીને જ્ઞાન મેળવી, કીધાં વિશ્વના કાર્ય. જાગો હવે..
માધવાનંદ સદ્‌ગુરુ જાગ્યા, જાગ્યા દત્તાત્રેય,
મનને જીતી શાંતિ સ્થાપી, કર્યો જગદોદ્ધાર. જાગો હવે..
રામતીર્થ પ્રેમથી જાગ્યા, જાગ્યા વિવેકાનંદ,
જ્ઞાનતણી મસ્તીમાં રહીને, તોડયા જીવોના ફન્દ. જાગો હવે..
જે જાગશે તે સફળ થાશે. આળસુ મરશે રે,
જાગેલા જીવોને અખંડાનંદ મળશે રે. જાગો હવે..

## (૪)

રાખો રાખો નિષ્ઠા પ્રભુમાં ભરપુર રે
નિષ્ઠાને પ્રતાપે રે, પ્રભુમય થઈ જશો રે લોલ.
તોડો તોડો તૃષ્ણા તાણાવાણા રે
તૃષ્ણાના તાણામાં રે. બહુ તડફડી મર્યા રે લોલ.
જોડો જોડો પ્રભુમાં ચિત્ત સતન્તર રે
પ્રભુની દયાથી રે ચિત્ત શાંતિ થઈ જશે રે લોલ.
ધરો ધરો ધ્યાન પ્રભુનું નિરંતર રે
ધ્યાનના પ્રતાપે રે ધ્યેયરુપ થઈ જશો રે લોલ.
છેદો છેદો શંકા તમારી તમામ રે
શંકાના છિદ્રોથી રે નિષ્ઠા નથી જામતી રે લોલ.
જેમ ઈયળ ધરે ભમરીનું ધ્યાન રે
ધ્યાનના પ્રતાપે રે, ઈયળ ભમરી થઈ ઉડી રે લોલ.
માનો માનો સંતોનું કહ્યું મનમાંય રે
સન્તોને પ્રતાપે રે સાચી વસ્તુ પામશો રે લોલ.

## (૫)

**(અવસર એળે જાય મુરખ તારો અવસર એળે જાય – એ રાગ)**

સંત સમાગમ સાર, જગતમાં સંત સમાગમ સાર.
સંત સમાગમ જે જન કરશે, તેનો થાશે રે ઉદ્ધાર. જગતમાં ૦
મહાપુરુષના સંગમાં ભળતાં, કોનો ન થાય ઉદ્ધાર. જગતમાં ૦
નાળાનું જળ ગંગામાં ભળતાં, દેવોને વન્દનીય થાય. જગતમાં ૦
ફૂલના સંગથી નાનું કીટ પણ, પ્રભુના શીશ પર જાય. જગતમાં ૦
સોનાના સંગથી કાચનો ટૂકડો, સૂવર્ણમય બની જાય. જગતમાં ૦
સંતના હાથથી સ્થપાય જો પથરો, તે પણ પ્રભુ થઈ જાય. જગતમાં ૦

પાણી દૂધમાં જયારે મળે ત્યારે, દૂધના ભાવે વેચાય. જગતમાં ○
સંત સંગતમાં નિશદિન રહેતા, અખંડ-આનંદ પમાય. જગતમાં ○

## (૬)

**(કર પ્રભુ સંગાતે દ્રઢ પ્રીતડી રે – એ રાગ)**

ગાંડો થઈને ગુમાન કરે ગીગલો રે, ચણે ચિંતાના મોટા ચિતાર,
તેને કાળ પલકમાં લઈ જશે રે ટેક
લગી રહે છે લાલચમાં લાલીઓ રે,
વિષય વાસનામાં વસતો સદાય. તેને કાળ..
જેમ ઉંદર ફરે બહુ ફેલમાં રે,
ખાઈ ખાઈને ફૂલાવે પેટ. તેને કાળ..
લાલચ રાખી ઉંદર ગયો બીલમાં રે,
ઝટ સર્પે ઝાલ્યો તેનો અંગ. તેને કાળ..
મોહ માયાના પુરમાં તણાઈ જશે રે,
તેના થાશે ખોટા હાલ. તેને કાળ..
ગુરુ સેવા છોડીને રહે માનમાં રે,
વિષય વૈભવનું રાખે અભિમાન. તેને કાળ..

## (૭)

**(સાંભળ શુદ્ધ ચિત્તે કરી – એ રાગ)**

મનની કામના મેલીને, રહે પ્રભુમાં મસ્તાન
પ્રેમથી પલ પલમાં ધરે, રૂડુ પ્રભુજીનું ધ્યાન
શાન્તિ મળે તેને શાશ્વતી. ટેક
મારું તારું દૂર કરી, સમજે સર્વે સમાન.
ભેદ બુદ્ધિ રાખે નહીં, જુવે સઘળે ભગવાન. શાન્તિ મળે..
અભિમાનથી અળગો રહી, રાખે વિનય વિચાર.

વ્યવહાર કરે વિવેકેથી, જરીએનો રે લેપાય. શાન્તિ મળે..
આશા તૃષ્ણા તોડી દઈ, રાખે સાચો સંતોષ,
મનના વિકારોને જીતીને, જીતે રાગ ને દ્વેષ. શાન્તિ મળે..
માન અપમાન ગણે નહીં, શત્રુ મિત્ર સમાન,
સત્ ચિત્ત આનંદ બ્રહ્મનું, ધરે હૃદયમાં ધ્યાન. શાન્તિ મળે..
અખંડ અવિચલ આતમા, વ્યાપક સઘળે સમાન,
માયા તેને લાગે નહીં. એવું સમજે જે જ્ઞાન. શાન્તિ મળે..

## (૮)

## (હરિભજન વિના - એ રાગ)

ગુરૂ ચરણ જઈ, વેદાન્તાર્થ વિચાર કરો ચિત્તધારી
અજ્ઞાન જશે, જ્ઞાન પ્રકાશ થશે ઉરમાં તમ* હારી. ....ગુરુ...
ગુરુની સેવા પ્રેમે કરશે, દુખડાં તેના સર્વે ટળશે,
જ્ઞાનદીપક હૃદયે જળહળશે, ....ગુરુ ચરણ જઈ...૧
મારું તારું રહેજે મટશે, મનડું પ્રભુને પ્રેમે રટશે,
તેથી ચિંત્તા સઘળી ટળશે, ....ગુરુ ચરણ જઈ...૨
અહંતા મમતા અળગી કરશે,સમતાથી ચિત્તવૃતિ ઠરશે
કામ ક્રોધ કલ્પના ટળશે, ....ગુરુ ચરણ જઈ...૩
પરિછિન્નપણું તેનું મટશે, વિભુતામાં પ્રેમે વિચરશે
જીવ શિવનું ભેદપણું જાશે, ....ગુરુ ચરણ જઈ...૪
તન મન ધન જે અર્પણ કરશે, સંશય તેના સર્વે બળશે
તેની આતમ દ્રષ્ટિ ઉઘડશે, ....ગુરુ ચરણ જઈ...૫
ગુરુવચને જે વિશ્વાસ ધરશે, તે બકરું મટીને સિંહ થાશે
અખંડાનંદ ઉરમા ઉભરાશે, ....ગુરુ ચરણ જઈ...૬

## (૯)

### (હરિનો મારગ છે શુરાનો – એ રાગ)

મોક્ષ તણા છે સાધન નાનાં, જ્ઞાન તેમાં છે શ્રેષ્ઠ જોને
અગ્નિ વિના જેમ પાક ન થાયે, તેમ જ્ઞાન વિના નહીં મોક્ષ જોને
જ્ઞાનનું સાધન ભક્તિ જાણો, સાચા મનથી થાય જોને
ભક્તિનું સાધન સદ્‌ગુરૂસેવા, પ્રગટે પ્રેમ અપાર જોને
સેવાનું સાધન શ્રદ્ધા જાણો, મન તેમાં પરોવાય જોને
શ્રદ્ધાનું સાધન મનની શુદ્ધિ, જો શુદ્ધ સત્ત્વમય હોય જોને
મનને શુદ્ધ કરવાનું સાધન, સદ્ધર્મ કહેવાય જોને
ધર્મનું સાધન સત્કર્મ જાણો, તે કરજો નિરધાર જોને
વેદ વિદિત જે કર્મ હોય તે, સત્કર્મ કહેવાય જોને
માટે પહેલા વેદને ભણવા, આચરવા શુદ્ધ કર્મ જોને
કર્મ કરો તે ધર્મને માટે, ધર્મ મનને કરવા શુદ્ધ જોને
પ્રેમે સદ્‌ગુરૂ સેવા કરવી, રાખવો દ્રઢ વિશ્વાસ જોને
ગુરુ સેવાથી ભક્તિ વધારજો, કરજો ભોગનો ત્યાગ જોને
ભક્તિ જ્ઞાનને માટે કરવી, તજવી બીજી આશ જોને
જ્ઞાન તો એવું મેળવવું કે, કરે ભેદ ભ્રમ દૂર જોને
ભેદ ટાળીને સમરસ જોવુ. મળશે અખંડાનંદ જોને

## (૧૦)

### (રાગ ઉપરનો)

આળસ મેલી, કર્મ કરે તે કલ્યાણનો ભાગી થાશે,
બીજા અજ્ઞાની, દુ:ખ દરિયામાં ડૂબી ડૂબકાં ખાશે
પૂર્વના કર્મોને ભાગ્ય જાણે, બીજુ ભાગ્ય તે ઉરમાં નવ આણે
તેને ફળ મળશે ખરે ટાણે-આળસ મેલી ...૧

વિવેક વડે જે કર્મ કરશે, અંતરમાં સાચી ધીરજ ધરશે
રાગ દ્વેષને દિલથી પરહરશે-આળસ મેલી ...૨
આવે તે સુખદુ:ખને સહેજે, કાયર થઈ કર્મને નહી તજ જે
સચ્ચિદાનંદ પ્રભુ ભાવે ભજ જે-આળસ મેલી ...૩
પ્રભુ સેવાનું કર્મ સાચું જાણો, બીજા કર્મ તે છે કુટારો,
ગુરૂની આજ્ઞાને ઉરમાં ધારો-આળસ મેલી ...૪
મન વાણીને શરીરથી કર્મ જે કરશે,કોઈ અંગે આળસ નવધરશે
તે સ્હેજે ભવસાગર તરશે - આળસ મેલી ...૫
ખોટા સુખ માટે ન કર્મ કરવા, સતકર્મથી પ્રભુને રીઝવવા
બીજા કર્મ જાણો સહુ મરવાના-આળસ મેલી ...૬
એવા કર્મ કરો સહેજે સહેજે, ચિત્ત ચૈતન્ય સાગરમાં રાજે
અખંડાનંદ મળવાને કાજે-આળસ મેલી ...૭

## (૧૧)

### (હંસલો ચાલ્યો જવાનો એકલો રે - એ રાગ)

ચિંતા રહિત જીવો પુરી જિંદગી રે, રાખો પ્રભુમાં દ્રઢ વિશ્વાસ, (૨)
વિશ્વંભર વાલાને જાણશો રે,
પોષણ કરશે તમારું તમામ ...ચિંતા...૧
જન્મ્યા પહેલા દુધ તૈયાર કર્યુ રે,
તે પ્રભુ રાખશે તારી સંભાળ ...ચિંતા...૨
આત્માને અજર અમર જાણજો રે,
સુખ સ્વરૂપ જાણો સદાય ...ચિંતા...૩
દેહના ભાગ્યે જેવા જેને ફળ મળે રે,
તેને ભોગવવા આનંદ ભેર ...ચિંતા...૪
વસ્ત્રો શરીરને તમે જાણજો રે,
શૈયા પૃથ્વીને માનો સદાય ...ચિંતા...૫

વેદાન્ત વિચારમાં ગાળો જિંદગી રે,

રાખી વૈરાગ્ય મનની માંય ...ચિંતા...૬

ક્રીડા કરો પુરણ બ્રહ્મમાં રે,

અખંડઆનંદમાં રહો સદાય ...ચિંતા...૭

## (૧૨)

**(જાગ્ય જાગ્ય જાગ્ય મોહનિન્દ સે જરા - એ રાગ)**

જાગો જાગો જાગો હવે ઉંઘથી તમે

દેખો દેખો દેખો દિવ્યરૂપને તમે... જાગો....

અખંડ અવિનાશી રૂપ છે સદા તારું

હાડમાંસ રૂધિરને શું માની રહ્યો મારું... જાગો....

હેમની પરીક્ષા થાય ચાર પ્રકારે

ઘસવાથી, છેદવાથી, તાપ તાડનથી... જાગો....

પુરુષની પરીક્ષા તેમજ ચાર પ્રકારે

જ્ઞાનથી ને શીલથી, કુળ ને કર્મથી... જાગો....

જ્ઞાન એવું દિવ્ય છે જો આત્માને જાણે

પૂર્ણ સુખરૂપ છું પ્રકાશ રૂપ છું... જાગો....

શીલ એનું સત્ય જો બ્રહ્મચર્યને પાળે

કામ ક્રોધ લોભ મોહ દ્વેષને જો ટાળે... જાગો....

કુળ એનું કમનીય જો ધર્મથી જીવે

ધર્મ પાળતાં દુઃખ પડે, તેથી જરાય ન ડરે...જાગો....

કર્મ એનું દિવ્ય છે જો પ્રભુને ગમે

સત્યં શિવં સુંદરમં જીવનને જો ઘડે... જાગો....

## (૧૩)

### (સંત કૃપાથી છૂટે માયા – એ રાગ)

કર્મ થકી અવિદ્યા નહી મટશે, કર્મ છે અવિદ્યારૂપ જોને
કર્મ અવિદ્યા એક જ જાણો, શુદ્ધાશુદ્ધનો ફેર જોને
અંધકાર જેમ પ્રકાશ વિના, કદીએ દુર ન થાય જોને
ઘંટ વગાડે લાકડી મારે, તોય ન થાયે દૂર જોને
મંત્ર સાધે ભાઈ તંત્ર સાધે, પણ જરીએનો થાય દૂર જોને
અનંત યુગનું અંધારુ પણ, પ્રકાશે પલમાં જાય જોને
તેમ વિદ્યાથી અવિદ્યા નાશે, જરીએ ન લાગે વાર જોને
સાચી વિદ્યા તે કહેવાયે, કરે બ્રહ્મપ્રકાશ જોને
મારું તારું પલમાં મટાડી, દેખાડે અદ્વૈત જોને
મારું તારું એક જ અવિદ્યા,રાગ દ્વેષનું મૂળ જોને
રાગ દ્વેષથી હૃદયે વધતા, દુઃખના લાંબા મૂળ જોને
દુઃખ દૂર કરવા માટે કરતો, બીજા ખોટા કર્મ જોને
કર્મથી વાસના વધતી જાતી, તે વધતા થાતો જન્મ જોને
માટે કર્મની કામના છોડી, સેવો ગુરુના ચરણ જોને
ગુરુ સેવાથી જ્ઞાન જ મળશે, ટળશે દ્વૈતનો ફન્દ જોને
દ્વૈત ટળવાથી રાગ દ્વેષ મટશે, ઘટશે દુઃખના દ્વન્દ્વ જોને
વ્યાપક પૂરણ બ્રહ્મ જાણવાથી, મળશે અખંડઆનંદ જોને

## (૧૪)

### (હરિનો મારગ છે શૂરાનો એ – એ રાગ)

સ્થૂલ શરીરને મારૂં માને, તેને વળગે શુભાશુભ જોને,
સુખ દુઃખતો તેને વળગે, જે રાખે દેહાધ્યાસ જોને,
હાડમાંસના દેહમાં મોહ્યા, તેને તો મુરખ જાણો જોને,

મૂરખ નરને દુઃખ જ હોયે, તેમાં નહી સંશય જોને,
જાગ્રત સ્વપ્ન સુષુપ્તિમાં જે, સાક્ષી ચૈતન્યરૂપ જોને,
પંચકોષથી છે પણ ન્યારો, ત્રણ દેહાતીત જોને,
આત્માને જે અસંગ જાણે, તેને નહીં શુભા શુભ જોને,
સુખ દુઃખ પણ તેને ન થાયે, જાયે સઘળી બીક જોને,
સંગી સંગથી સુખ દુઃખ ભોગવે, કરે રાગને દ્વેષ જોને,
શુદ્ધ સાક્ષી તો સહુથી ન્યારો, તેને નહીં, રાગ દ્વેષ જોને,
મમતા દુઃખનું મૂળ છે મોટું, તે તજવું નિરધાર જોને,
સકળ પદારથ વિશ્વેશ્વરના, માને મિથ્યા મારા જોને,
સ્થૂલ દેહના અભિમાનથી, કર્મનો કેદી થાય જોને,
ત્રણદેહનું અભિમાન તજે તો, ક્ષણમાં સુખિયો થાય જોને,
સદ્ગુરુસ્વામી અંતરયામી, દયા કરી દે જ્ઞાન જોને,
જ્ઞાન થકી ગોવિન્દને ઓળખી, ટાળો દેહાભિમાન જોને,

**(૧૫)**

**(રાગ ઉપરનો)**

સંતપુરુષોનો સંગ છે એવો, કલ્પ વૃક્ષના જેવો જોને,
જૂના પાપને પલમાં કાપે, થાયે પુણ્યનો પંથ જોને,
સદ્બુદ્ધિ તો ક્ષણમાં આવે, જાયે વિષય વિકાર જોને,
નિત્ય નવી નવી નીતિ શીખવે, સંતપુરુષોનો સંગ જોને,
અજ્ઞાનનું અંધારુ ટાળે, કરે જ્ઞાન પ્રકાશ જોને,
પરમાનન્દની પદવી આપે. કાપે કોટિક ફન્દ જોને,
મનના મેલને પલમાં કાપે, સ્થાપે સ્થિરતા અંગ જોને,
બુદ્ધિની જડતાને હરે, કરે ચેતન રુપ જોને,
દાનવતાને દૂર કરીને, માનવતામાં લાવે જોને,
માનવતાનો વિકાસ કરીને, દેવત્ત્વ દેખાડે જોને,

વાલ્મીકિ સંતોના સંગે, દેવત્ત્વને પામ્યા જોને,
નારદજી સંતોના સંગે, દેવત્ત્વને પામ્યા જોને,
જે તર્યા તે સંતો વડે, મોહમાયાથી છૂટ્યા જોને,
સત્સંગથી સુખિયા થાશો, સર્વે દુખડા જાશે જોને,
વિશ્વાસ રાખી સત્સંગ કરવો, અખંડ-આનંદમાં રહેવું જોને.

## (૧૬)

### રાગ ઉપરનો

ચિંતા તજી સચ્ચિદાનંદ ભજવા, રાખી મન વૈરાગ્ય જોને
વૈરાગ્યવાળા નિર્ભય ભજશે, હેતે શ્રી ભગવાન જોને
અતિશય ભોગે રોગનો ભય છે, કુળમાં પડવાનો ભય જોને
ધનમાં ચોરાદિકનો ભય છે, મૌનમાં દિનતાનો ભય જોને
બળવાનને શત્રુનો ભય છે, રુપમાં જરાનો ભય જોને
શાસ્ત્રમાં વાદવિવાદનો ભય છે, ગુણમાં ખળનો ભય જોને
કાયાને મરણનો ભય છે, સઘળે ભય ભરપૂર જોને
વૈરાગ્ય એક જ નિર્ભય જગમાં, સાચી સમજો વાત જોને
માટે વૈરાગ્યવન્તા થઈને, નિર્ભય ભજવા નાથ જોને
જે પ્રભુ ભજશે તે પાર ઉતરશે, બીજા ખાશે માર જોને
ખલકનો ખેલ ખોટો જાણે, તેનું નામ વૈરાગ્ય જોને
તન, મન, ધન, તુચ્છ કરી જાણે, છોડે માથ કુટ જોને
સદા સર્વદા ચિત્ત રાખોને, ભજનમાં તરબોળ જોને
વિષય વાસના દૂર કરીને, સેવો સદ્‌ગુરુ સ્વામી જોને
મનકર્મ વચને સેવા કરજો, રાખી ધારણ ધીર જોને
સેવા કરતા મેવા મળશે, નહીં સંશય લગાર જોને
સાચું સગપણ સદ્‌ગુરુ કેરું, બીજા સર્વે કાચું જોને
ગુરૂ કૃપા જેને મળશે, તે થાશે સર્વે મુક્ત જોને.

## (૧૭)

### (ચેત ચેત ચંચલ મન મેરા – એ રાગ)

આપ હી જાગો, આપ હી ઉઠો, આપ જ મનને સમજાવો
મોહ મહાસાગરના નીરથી, મન મૃગને તમે બચાવો
સારાસારનો વિચાર કરીને, ખોટાથી મનને વાળો
ખોટા સર્વે ખેલ ખલકના, તેમાં શું કરો ચાળો
ખોટામાં ખોવાઈ જશો તો, દુઃખના દરિયા ઉભરાશે
જન્મ મરણના ફેરામાં પડીને, જીવ ઘણો ઘણો ગભરાશે
સત્ય પ્રભુ સચ્ચિદાનંદ ઘન છે, અખંડ વ્યાપક અવિનાશી
સ્વયં પ્રકાશક ચેતન ઘન છે, આનંદ રુપ ઘટ ઘટ વાસી
એ પ્રભુમાં મન મસ્ત કરીદો, તોડી દો અન્તરના પડદા
વિષય વાસના વિષ વેલીથી, વહેલા વહેલા થાવ અળગા
આ અવસર આવ્યો છે સારો, જીવનને તમે સુધારો
ખોટી ચિંતા દૂર કરીને, અખંડ-આનંદ ઉરમાં ધારો.

## (૧૮)

### (તું તો બ્રહ્મ રટણ કર રંગમાં – ધોળનો રાગ)

પુરણ બ્રહ્મ દયાળુ ગુરુદેવ છે, તેના વચન છે સુધા સમાન શ્રદ્ધા કરો સ્નેહથી
ગુરુજી મોહ મદીરા ઉતારશે, જ્ઞાનરૂપી પાઈને ઘૃત. શ્રદ્ધા..
ભવમાં ભટકેલાને રે બતાવશે,સાચું પોતાનું શુદ્ધ સ્વરૂપ. શ્રદ્ધા..
રોગ જન્મ મરણનો ટાળશે, આપી સદ્વિચારનું ઔષધ. શ્રદ્ધા..
તારા સુતેલા મનને જગાડશે, કરી પૂરણ બ્રહ્મ પ્રબોધ. શ્રદ્ધા..
ત્રિવિધીના તાપ તારા ટાળશે, ગુરુજી ત્રણ દેહથી કરશે પાર. શ્રદ્ધા..
રાગ દ્વેષનું ઝેર ઉતારશે, જ્ઞાનામૃતનું કરાવી પાન. શ્રદ્ધા..
જીવપણું ટાળી તને શિવ કરશે, તારું હરશે માયાનું માન. શ્રદ્ધા..
જ્ઞાન અંજનથી આંખ ઉઘાડશે, સઘળે દેખાશે શ્રી ભગવાન. શ્રદ્ધા..

તારી સકળ કામના પૂરણ કરશે, દેશે દેશે અભયનું દાન. શ્રદ્ધા..
ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ રૂપ છે, ગુરુ શિવને પૂરણ બ્રહ્મ. શ્રદ્ધા..
ગુરૂ ગોવિન્દથી અધિક છે, જીવને મુક્ત કરે તત્કાળ. શ્રદ્ધા..
ગુરૂ વિના જ્ઞાન નવ ઉપજે, જ્ઞાન વિના મુક્તિ નવ થાય. શ્રદ્ધા..
જ્ઞાનથી જ મુક્તિ તેમ વેદ કહે, રાખો શાસ્ત્રમાં નિષ્ઠા ભરપૂર. શ્રદ્ધા..
વશિષ્ઠ વાલ્મીકિ જ્ઞાનથી મુક્ત થયા, કર્યા રામને જ્ઞાનથી મુક્ત. શ્રદ્ધા..
સનક જનક, શુકદેવને પરિક્ષિત,નારદ શારદ થયા જ્ઞાનથી મુક્ત. શ્રદ્ધા..
ઋષભદેવને વામદેવજી, તેઓ જ્ઞાનથી થયા છે મુક્ત. શ્રદ્ધા..
કૃષ્ણ અર્જુન વ્યાસને વરઋષિ, થયા જ્ઞાન વડે તેઓ મુક્ત. શ્રદ્ધા..
ગોડપાદને શંકરાચાર્યજી, વિગેરે થયા જ્ઞાનથી મુક્ત. શ્રદ્ધા..
જ્ઞાનથી જ અખંડ-આનંદ મળે, ભળે સચ્ચિદાનંદમાં સદાય,
શ્રદ્ધા કરો સ્નેહથી

## (૧૯)

### (ગઝલ)

પ્રભુ એવી દયા કર તું, સકળમાં તુજને ભાળુ,
અખંડ અવિનાશી નિરખીને, હૃદયની વાસના બાળુ,
મટે અજ્ઞાન અંધારું, ગુરૂના જ્ઞાનથી મારું,
સચ્ચિદાનંદ રુપ તારું, સઘળે દરશે સારું,
હૃદયની ગ્રંથીઓ છૂટે, વિષયની વાસના છૂટે,
મારું મન તારામાં જૂટે, પ્રભુ એવી દયા કર તું.
મારું તારું મટે મનથી, અહંતા જાય અન્તરથી.
સમતા ચિત્તમાં ચોંટે, પ્રભુ એવી દયા કર તું.
વિષય વિષયોના ફંદોથી, રહે મન વેગળું મારૂ.
રટું પ્રભુ નામ હું તારૂં, પ્રભુ એવી દયા કર તું.
સુખને દુઃખમાં સ્વામી, હું ન ફુલુ કે ન ડૂલુ.

અચલ હિમવત્ સદા રહું હું, પ્રભુ એવી દયા કર તું.
જાગેલો હોઉં કે સૂતો, ફરતો હોઉં કે બેઠો.
સદા મગ્ન રહું તુજમાં, પ્રભુ એવી દયા કર તું.
સકળના દુઃખ દર્દોને, પ્રભુ મારા સદા દેખું.
તેને હણવાનું બળ પ્રગટે, પ્રભુ એવી દયા કર તું.
મારું મન તુંજમાં ઠરે, કદાપિ ન જરાય ડરે.
સદા આનંદમાં વિચરે, પ્રભુ એવી દયા કર તું.
મારા તારામાં જે અંતર, ઉપાધીથી જરા ભાસે.
તે ગુરૂ જ્ઞાનથી નાશે, પ્રભુ એવી દયા કર તું.
પ્રભો માગુ છુ હું છેલ્લું, તારૂં નામ લાગે મને વ્હાલું.
અખંડ-આનંદમાં મ્હાલું, પ્રભુ એવી દયા કર તું.

## (૨૦)

પઢો તો પઢાવું તમને રે પોપટ પ્યારા,
માનો તો મનાવું તમને રે પોપટ પ્યારા
તન પીંજર નહી તારૂં, માની બેઠો તું તો મારૂં
તેથી તું બન્ધાણો ભારીરે, પોપટ પ્યારા. પઢો તો...
જીવ પોપટ જોને જાગી. મમતા તું દેને ત્યાગી
થઈશ તું બડ ભાગી રે, પોપટ પ્યારા. પઢો તો...
પંચભૂત કેરી તારી કાયા, તેની મેલી દેને માયા
ભૂલમાં શું ભરમાયા રે, પોપટ પ્યારા. પઢો તો...
તન પીંજર તારું કાચું, માનીશ મા એને સાચું
નહીંતર ભાંગશે જમ ડાચું રે, પોપટ પ્યારા. પઢો તો...
તન તારું છે વિકારી, રૂપ તારું નિર્વિકારી
સમજી લે વાત સારી રે, પોપટ પ્યારા. પઢો તો...
ફળનાં લોભે તું ફસાયો, પીંજરામાં પકડાયો
તેથી થયો દુઃખીયારો રે, પોપટ પ્યારા. પઢો તો...

ખોટી આશા મેલી દેજે, સ્વરૂપમાં મસ્ત રહેજે
સુખ મળશે તેને સહેજે રે, પોપટ પ્યારા. પઢો તો...

## (૨૧)

### (ઉપર મુજબ રાગ)

સચ્ચિદાનંદ રૂપ તારું રે, સમજી લેજે.
દેહને ન માનીશ મારું રે, સમજી લેજે.
દેહ પંચ ભૂત તણો, તેને ન નીજ રૂપગણો
તું તો સાક્ષી દેહ તણો રે, સમજી લેજે.
ત્રણ દેહ તારા નથી,. વેદાન્તે જે કહ્યા કથી
શીદને રહ્યો એમાં મથી રે, સમજી લેજે.
દેહ તો છે ક્ષણ નાશી, રૂપ તારું અવિનાશી
તે તો જો પ્રેમે તપાસી રે, સમજી લેજે.
શુદ્ધ બુદ્ધ અવિનાશી, આત્મા છે સ્વપ્રકાશી
બ્રહ્મપુરનો તું વાસી રે, સમજી લેજે.
વાહન રૂપ દેહ તારો, તું તો તેને ચલાવનારો
માટે સદા રહે જે ન્યારો રે, સમજી લેજે.
સદ્‌ગુરુ ચરણે જાશે, તેને એવું સમજાશે
અખંડ આનંદ ઉભરાશે રે, સમજી લેજે.

## (૨૨)

### હરિભજન વિના – રાગ

### (ઘોળ)

થાવો બાળક સાચા (૨) પિતાના ગુણને અંતરમાં પ્રગટાવો
છો અમૃતના બાળ (૨) પિતા સમાન અમર બની જાવો
પશુના ગુણ પળમાં ત્યાગો, આવ્યો અવસર હવે તમે ઝટ જાગો

સ્વાર્થ વૃત્તિને દિલથી ત્યાગો-થાવો બાળક સાચા ટેક...૧
અજ્ઞાન ઉરમાંથી બાળો, દિવ્ય આતમ પ્રકાશ પ્રગટાવો
મરવાનો ભય ઝટ ટાળો, થાવો બાળક સાચા...૨
ખોટી ચિંતાને તમે સળગાવો, સાચા આનંદમાં નિત્ય મ્હાલો
નવ ખોવો દિવ્ય જન્મ હાલો, થાવો બાળક સાચા...૩
પિતા છે અખંડ અવિનાશી, સચ્ચિદાનંદ સ્વયં પ્રકાશી
તું શાને રહે છે ઉદાસી, થાવો બાળક સાચા...૪
જનકની જેમ માયાને જીતો, તું શા માટે રહે છે બીતો
સરસ અવસર આવ્યો છે આતો, થાવો બાળક સાચા...૫
પિતા છે પરમ પરોપકારી, એ તો છે રે સાચા હિતકારી
તું કેમ થયો પર દુઃખકારી, થાવો બાળક સાચા...૬
કાયાની માયા તમે ઝટ છોડો, પર દુઃખ હરવા તમે ઝટ દોડો
પિતાના માર્ગને નવ છોડો, થાવો બાળક સાચા...૭
જે દુઃખી જીવોના દુઃખ હરશે, પ્રભુજી તેના પર મહેર કરશે
પ્રભુ જન્મ મરણ તેના ઝટ ટાળશે. થાવો બાળક સાચા...૮
પ્રભુના જનને પ્રભુ તુલ્ય જાણી, કદી બોલવી નહી કડવી વાણી
રહો આપસમાં સર્વે પ્રેમઆણી, થાવો બાળક સાચા...૯
રાગ દ્વેષને મનથી દૂર કરવા, સમતાના ચિત્તમાં પાઠ ભણવા
સચ્ચિદાનંદ પ્રભુ શ્રેષ્ઠ ગણવા - થાવો બાળક સાચા....૧૦

## (૨૩)

આવ્યો છે તું આ સંસારે, જન્મ સફળ તું કરતો જા,
સત્‌ચિત આનંદ રૂપ નિહાળી,આનન્દે ઉછળતો જા. આવ્યો ટેક ૧
માનવ જન્મ મળ્યો અતિ મોંઘો, એના મૂલ્ય સમજતો જા,
ખોટો જાણી ખોઈશ નહીં તું, સદ્‌ગુરુ સેવા કરતો જા. આવ્યો ૨
સદ્‌ગુરુ સેવા જે જન કરશે, એનું મૂલ્ય તે સમજશે.

પ્રભુ ભક્તિનું સાધન સમજી, સચ્ચિદાનંદ સમરતો જા. આવ્યો ૩
વિષયવાસનામાં ન ખોવો, દેહ દેવળમાં પ્રભુને જોવો,
દેહની મમતા દૂર કરીને, આતમને ઓળખતો જા. આવ્યો ૪
માન અને મોટપને તજ જે, ભાવે શ્રી સચ્ચિદાનંદ ભજ જે,
બ્રહ્મચર્યને પ્રીતે પાળી, દિવ્ય જીવન તું જીવતો જા. આવ્યો ૫
કામ ક્રોધ, મદ, મોહને જીતી, વ્યવહાર કરજે રૂડી રીતે,
પ્રેમ તણો પરાગ ભરીને, જીવન પુષ્પ ખીલવતો જા. આવ્યો ૬
શત્રુ મિત્રને સમાન ગણવા, કોઈ જીવ હાથે નવ હણવા,
ચિત્ત વૃત્તિને શાન્ત કરીને, સાચી શાંતિ ભોગવતો જા. આવ્યો ૭
અન્તર શક્તિથી કર્મ કરજે, ફળની આશા તું પરહરજે,
ખોટી ભાવના મનથી મેલી, દિવ્ય ભાવના ભરતો જા. આવ્યો ૮
વહેમ અને વ્યસનોને છોડી, દૂરીજનોની પ્રીતિ તોડી
સંત પુરુષનો સંગ કરીને, જ્ઞાન ગંગામાં ન્હાતો જા. આવ્યો ૯
ત્રણ દેહથી અળગો રહેજે, જીવન મુક્ત થવાને કાજે,
શુદ્ધબુદ્ધ નીજ રૂપ નિહાળી,અખંડઆનંદ અનુભવતો જા. આવ્યો ૧૦

## (૨૪)

પડવે આવો પ્રભુના ધામમાં, ગાવો ગુણ ગુરુના ગુલતાનમાં
બીજે રહેશો નહી બીજા કામમાં, રાખોને ધ્યાન રૂડું ભગવાનમાં
ત્રીજે પડશો નહીં તોફાનમાં, ચડશો નહીં રે માયાના માનમાં
ચોથે સમજી લેજો તમે શાનમાં, સદા રહેજો ગુરુના ધ્યાનમાં
પાંચમે પંચવિષયના પુરમાં પડવું નહીં, તે રાખજો રૂડું ધ્યાનમાં
છઠ્ઠે ષડરિપુના દળમાં, અથડાશો નહીં ખોટા બળમાં
સાતમે સંત પુરુષના સંગના, રહેવું રાખી મનને ઉમંગમાં
આઠમે આવો નહીં અભિમાનમાં, શાન્તિ મળશે સાચા વિનયમાં
નવમેં ના'વો ગુરુ જ્ઞાનગંગામાં, મનને રંગો ભક્તિના રંગમાં,

દશમે દીવો કરો રૂડો દિલમાં, અજ્ઞાન અંધારુ જાયે પલમાં,
એકાદશે રહેજો આનન્દમાં, પડયાં રહેશો નહી ચિંતાની જાળમાં
બારશે બિરાજે પ્રભુજી તનમાં. એવું સમજી લેજો સારુ મનમાં
તેરશે તાર જોડો પરબ્રહ્મમાં, પડશો નહીં કશા બીજા ફન્દમાં
ચૌદશે શ્રદ્ધા રાખો ગુરુ વાક્યમાં, પડશો નહીં સંશયના ચક્રમાં
પુનમે પુરા આવીને ઉમંગમાં, રહેવું સદા અખંડ આનંદમાં.

*(૨૫)*

ભજો સચ્ચિદાનંદ સુખકારી, જે છે સદા સાચા હિતકારી
માની લેજે વાત સાચી તું મારી,નહીં તો કરશે જમડા ફજેતી તારી
...ભજો
સંતોની વાણી છે ઉપકારી, તે વાણી જેણે નવ ઉરધારી
તેને જમ દુઃખ દેશે રે ભારી, ભજો સચ્ચિદાનંદ સુખકારી
ભક્તિથી સુધરશે મતિ તારી, ભક્તિ છે દુઃખને હરનારી
બીજી કોઈ નથી સુખની બારી, ભજો સચ્ચિદાનંદ સુખકારી
ગુરુસેવા કરો ચિત્તધારી, તેથી ભક્તિ વધશે તારી સારી
વા'લો મારો રીઝશે હિતકારી, ભજો સચ્ચિદાનંદ સુખકારી
ભક્તિ કરી નારદે ચિત્તધારી, ગુરુ સેવ્યા સનકાદી મનમારી
પામ્યા તેથી પદવી નિર્વાણી, ભજો સચ્ચિદાનંદ સુખકારી
વ્યાસજીએ સચ્ચિદાનંદ ભજ્યા, માયાના વિકાર સર્વે તજ્યા
તેથી થયા એ બડભાગી, ભજો સચ્ચિદાનંદ સુખકારી
વેદો, સચ્ચિદાનંદ બ્રહ્મ ગાવે, તેથી તેની શોભા ઘણી થાયે
વારે વારે ઋષિઓમાં વખણાયે, ભજો સચ્ચિદાનંદ સુખકારી
શ્રદ્ધા રાખી જે જન બ્રહ્મ ભજશે, તે મનના વિકાર સર્વે તજશે.
તેને અખંડઆનંદ ઉરમાં મળશે, ભજો સચ્ચિદાનંદ સુખકારી

## (૨૬)

ભજવા ભજવા શ્રી ભગવાન, મનમાં શ્રદ્ધા રાખીને
તજવા તજવા મમતા માન, મનમાં શ્રદ્ધા રાખીને
ધરવું ધરવું, ગુરુજીનું ધ્યાન, મનમાં શ્રદ્ધા રાખીને
કરવું કરવું રૂડું કામ, મનમાં શ્રદ્ધા રાખીને
દેવું દેવું દીનને દાન, મનમાં શ્રદ્ધા રાખીને
લેવું લેવું પ્રભુનું નામ, મનમાં શ્રદ્ધા રાખીને
સજવા સજવા શીલ શણગાર, મનમાં શ્રદ્ધા રાખીને
છોડો છોડો જૂઠ જંજાળ, મનમાં શ્રદ્ધા રાખીને
તોડો તોડો આશાપાશ, મનમાં શ્રદ્ધા રાખીને
ગાવો ગાવો ગુરુગુણ ગાન, મનમાં શ્રદ્ધા રાખીને
થાવો થાવો પ્રભુમાં મસ્તાન, મનમાં શ્રદ્ધા રાખીને
લેજો લેજો આતમ લાભ, મનમાં શ્રદ્ધા રાખીને
દેજો દેજો અભય દાન, મનમાં શ્રદ્ધા રાખીને
પીવો પીવો પ્રભુરસ પાન, મનમાં શ્રદ્ધા રાખીને
બીવો બીવો કરતાં પાપ, મનમાં શ્રદ્ધા રાખીને
કહેવું કહેવું માનો મારું, મનમાં શ્રદ્ધા રાખીને
રહેવું રહેવું અખંડઆનંદમાં, મનમાં શ્રદ્ધા રાખીને

## (૨૭)

સેવા સદ્‌ગુરુજીની કરવી ચિત્તમાં શ્રદ્ધા રાખીને
શ્રદ્ધા રાખીને ચિત્તમાં શ્રદ્ધા રાખીને-સેવા...
મૂર્તિ ધ્યાનમાં ગુરુજીની ધરવી-ચિત્તમાં શ્રદ્ધા રાખીને
સદ્‌ગુરુજીની સેવા જે કરશે, તેની ઈચ્છા સર્વે ફળશે
માટે સેવો સદ્‌ગુરૂ દેવ, ચિત્તમાં શ્રદ્ધા રાખીને

ગુરુ સેવાથી જ્ઞાન મળશે, અજ્ઞાન અંધારુ ટળશે
તેથી ભજવા ગુરુ ભગવાન, ચિત્તમાં શ્રદ્ધા રાખીને
નારદજીએ ગુરુસેવા કીધી, પરમાનંદની પદવી લીધી
જગની ચિન્તા છોડી દીધી, ચિત્તમાં શ્રદ્ધા રાખીને
ગુરુ સેવામાં ગોરખ લાગ્યા, તેના ભવના ભટકણ ભાગ્યાં
ક્ષણમાં મોહ નિંદ્રાથી જાગ્યા, ચિત્તમાં શ્રદ્ધા રાખીને
શિવાજીએ ગુરુસેવાનું કામ કીધું,ગુરુજીનું વચન માની લીધું.
સિંહણનું દૂધ આણી દીધું, ચિત્તમાં શ્રદ્ધા રાખીને
જનકની જેમ કરવી ગુરુસેવા, પરમાનંદની પદવી લેવા
તન, મન, ધન, ત્યાં અર્પી દેવા, ચિત્તમાં શ્રદ્ધા રાખીને
એકલવ્ય ગુરુસેવા કરતો, મૂર્તિ ગુરુજીની ધ્યાનમાં ધરતો
અંગુઠો દેતા પણ નવ ડરતો, ચિત્તમાં શ્રદ્ધા રાખીને
જે જે ગુરુજીની સેવા કરશે, તેના દુઃખડાં સર્વે ટળશે
એને અખંડઆનંદ મળશે, ચિત્તમાં શ્રદ્ધા રાખીને

## (૨૮)

રાખો પુરી પ્રીતિ ભગવાનમાં, ફૂલો નહીં રે ખોટા અભિમાનમાં
રાખો પુરી પ્રીતિ ભગવાનમાં
સમતા કરીને તે માયા બહુ મેળવી,કસરત કરીને તે કાયા બહુ કેળવી
કાયા મળશે ખરે દિને ખાખમાં, રાખો પુરી પ્રીતિ ભગવાનમાં
મેડી મંદિર વળી માલ ખજાના, રેડિયો, મોટર તે મેળવ્યા મઝાના
એતો અંતે નહી આવે તારા કામમાં, રાખો પુરી પ્રીતિ ભગવાનમાં
પ્યારી નારીને બહુ શણગારી, બંગલામાં બહુ મૂકાવી બારી
બંગલા છોડીને એક દિન સૂવું પડશે સમશાનમાં
રાખો પુરી પ્રીતિ ભગવાનમાં

સગા સંબંધીમાં ખૂબ સ્નેહ કીધો, આવેલા અવસરને ગુમાવી દીધો
સગા આડા નહીં આવે જમ મારમાં, રાખો પુરી પ્રીતિ ભગવાનમાં
સુતા ને જાગતા, બેઠાને ફરતાં, કર્મને કરતા, જીવતા ને મરતાં,
સઘળે આવશે પ્રભુજી તારા કામમાં,રાખો પુરી પ્રીતિ ભગવાનમાં

## (૨૯)

જરા સમજો તો સમજાવુ શાનમાં, રહો મસ્ત સદા ગુરુ જ્ઞાનમાં
મારું ને તારુ ગુરુજી છોડાવે, સમરસ પુરણ બ્રહ્મ દર્શાવે
ચિત્તને રાખો નિરન્તર ધ્યાનમાં, રહો મસ્ત સદા ગુરુ જ્ઞાનમાં
દેહાધ્યાસ તારો ગુરુજી હટાવે, માંસ રૂધિરનો મોહ મટાડે
ચિત્તને સમાવે શુદ્ધ ચૈતન્યમાં, રહો મસ્ત સદા ગુરુ જ્ઞાનમાં
કામનાના મૂળને મૂળથી રે બાળે,જ્ઞાનાગ્નિને જળહળ પ્રગટાવે
પ્રભુ વિના બીજું નથી પરમાર્થમાં, રહો મસ્ત સદા ગુરુ જ્ઞાનમાં
શોકને મોહને પલમાં સમાવે, સઘળે એકજ આતમ ઓળખાવે
હૃદય રહે ભુમાના ભાનમાં રહો મસ્ત સદા ગુરુ જ્ઞાનમાં
ચિત્તની ચિંતાને ગુરુજી મટાડે, અંતરમાં ઊંડો આનન્દ દેખાડે
રાખો મન અખંડઆનંદમાં, રહો મસ્ત સદા ગુરુ જ્ઞાનમાં

## (30)

શાને ચિન્તા કરે છે તું મનમાં, પ્યારો વા'લો વિરાજે તારા તનમાં
કસ્તુરી મૃગ જેમ ભૂલી પોતામાં (૨) શોધે છે સુગંધી વનમાં...શાને
અંતરમાં છોડીને બહાર કયાં ભટકો (૨) જરા જાગીને જોવો જીવનમાં
તરામાં તેજ છે તેનું છુપેલું (૨) તારું છે તેજ સુરજ ચાંદમાં...શાને
કાયર થઈ ને શાને સૂતો છે(૨)મહાશક્તિ વસે છે તારા તનમાં...શાને
દીનતા ને હીનતા દૂર હટાવો (૨) આતમશક્તિ જગાવો જીવનમાં...શાને
મારું ને તારું અંતરથી ટાળો (૨) તારો આતમ વસે છે તમામમાં...શાને
આતમ તારો અજર અમર છે (૨) તું છે વ્યાપક ઘટો ઘટમાં...શાને

સત્‌ચિદ્‌ આનંદરુપ છે તારું (૨) તે સમજવા રહો ગુરૂજ્ઞાનમાં...શાને
વેદ વચનમાં વિશ્વાસ રાખી (૨) સદા રહો અખંડઆનંદમાં...શાને

## (૩૧)

અનામી છે છતાં નામી, શિવોહં સાગર સ્વામી
તેઓ શ્રી ના ચરણ કમળે, કરોડો વંદના મારી
અમારા બંધનો કાપ્યા, જીવનમાં સદ્‌ગુણો સ્થાપ્યા
તેઓ શ્રી ના ચરણ કમળે, કરોડો વંદના મારી
રૂડા સદ્‌બોધને આપી, ત્રિવિધિની શૃંખલા કાપી
તેઓ શ્રી ના ચરણ કમળે, કરોડો વંદના મારી
વિષયની વાસનાઓથી, જેણે અમને છોડાવ્યા છે
તેઓ શ્રી ના ચરણ કમળે, કરોડો વંદના મારી
વિશ્વમાં વ્યાપીને રહે છે, સકળને શાન્તિ જે દે છે
તેઓ શ્રી ના ચરણ કમળે, કરોડો વંદના મારી
જેના ગુણગાન કરવાથી, અમારા દુ:ખ નાસ્યા છે
તેઓ શ્રી ના ચરણ કમળે, કરોડો વંદના મારી
સકળ ભક્તો તણા સંકટ, જેની કૃપાથી ભાગ્યા છે
તેઓ શ્રી ના ચરણ કમળે, કરોડો વંદના મારી
જેઓ શ્રી ના સમાગમથી, અખંડઆનંદ ને પામ્યો,
તેઓ શ્રી ના ચરણ કમળે, કરોડો વંદના મારી

## (૩૨)

તું તો સમરણ કર સચ્ચિદાનંદનું, તારા અંતરમાં ધરીને ઉમંગ
અવસર આવો નહીં મળે
કાયા કૂપો તે તારો રે કાચનો, તેને ફૂટતા નહીં લાગે વાર
અવસર આવો નહીં મળે

મિથ્યામોહમાં શું રે મલકાય છે, જાતો રહેશે જુવાનીનો રંગ
અવસર આવો નહીં મળે
સ્વપ્ના સરખો સંસારને જાણજે, તજી દેને વિષય વિકાર
અવસર આવો નહીં મળે
સુખ સુન્દરીનું તુચ્છ જાણજે, આણજે અંતરમાં ઊંડો વૈરાગ્ય
અવસર આવો નહીં મળે
હાડ માસનો દેહ અશુદ્ધ છે, તેની મમતા છોડો સમજી શાન
અવસર આવો નહીં મળે
શુદ્ધ ભાવે સમરણ કરો સ્નેહથી, શ્રદ્ધા રાખો અખંડ ભરપુર
અવસર આવો નહીં મળે

## (33)

આટલો સંદેશો મારા સદ્ગુરુજીને કહેજો
સેવકની અરજી ઉરમાં ધરજો... સંદેશો મારા...
જીવડો બંધાયો શાથી ? શાથી રે છૂટે
એનો ઉત્તર અમને દેજો... સંદેશો મારા...
જનમ મરણ ગુરુજી કોના રે થાય છે
ભુખને તરસ કોને લાગે... સંદેશો મારા...
સુખને દુઃખ તો ગુરુજી કોના રે કહેવા
આત્માનું સ્વરૂપ અમને કહેજો... સંદેશો મારા...
ભવનું ભટકણ મારું શાથી રે ભાંગે
પ્રભુનો અનુભવ શાથી જાગે... સંદેશો મારા...
મન રે મેલું તેને કેમ રે ધોવું
કેમ કરી આનન્દમાં રહેવું... સંદેશો મારા...

આશાને તૃષ્ણા ગુરુજી કેમ રે તોડવી
પ્રભુમાં પ્રીતડી કેમ જોડવી... સંદેશો મારા...
અહંતાને મમતા ગુરુજી કેમ રે જાય
સમતામાં વાસો કેમ થાય... સંદેશો મારા...
કેટલું કરવાથી અખંડઆનંદ મળશે
જન્મ મરણ કેમ ટળશે... સંદેશો મારા...

## (૩૪)

આટલો ઉત્તર શાણા શિષ્યો રે સાંભળો
સાંભળી ને વર્તનમાં મૂકો... ઉત્તર શાણા...
અજ્ઞાન વડે આ જીવડો બંધાણો
જ્ઞાન વડે મુક્ત થાય રે... ઉત્તર શાણા...
જન્મ મરણ દેહના ધર્મ રે જાણો
ભુખને તરસ પ્રાણને થાય રે... ઉત્તર શાણા...
સુખને દુઃખ મનના ધર્મ રે જાણવા
આત્મા તો શુદ્ધ સુખરૂપ રે... ઉત્તર શાણા...
ભવનું ભટકણ ગુરુ સેવાથી ભાંગે
જ્ઞાનથી પ્રભુનો અનુભવ જાગે... ઉત્તર શાણા...
સત્કર્મ સત્સંગથી મનને રે ધોવું
શ્રદ્ધાથી આનંદમાં રહેવુ... ઉત્તર શાણા...
વૈરાગ્ય વડે આશા તૃષ્ણા રે તોડવી
સમજણથી પ્રીત પ્રભુમાં જોડવી... ઉત્તર શાણા...
વિવેક વડે અહંતા મમતા રે જાશે
સમજણથી સમતામાં રહેવાશે... ઉત્તર શાણા...
આટલું કરશો તો અખંડઆનંદ મળશે
જન્મ મરણ નો ફેરો ટળશે... ઉત્તર શાણા...

બોલ સચ્ચિદાનંદ  બોલ માધવાનંદ
બોલ માનવ બોલ  તારું થાશે કલ્યાણ
કોલ દઈને તું તો અહીં આવ્યો છે
અહીં આવીને તું તો ફસાયો છે
કોલ ભૂલી ગયો દુઃખમાં ડૂલી ગયો
જીવલડા, બોલ સચ્ચિદાનંદ બોલ માધવાનંદ... ૧
જૂઠી દુનિયામાં તું તો અહી આવ્યો છે
તારા મારામાં તું તો બંધાયો છે
તારું કોઈ નથી, તું કોઈનો નથી
જીવલડા, બોલ સચ્ચિદાનંદ, બોલ માધવાનંદ... ૨
સગાંવહાલાંએ સ્નેહ લગાડયો છે
તારો આવેલો દાવ બગાડયો છે
સગાં તારાં નથી, સંગ આવે નહીં, જીવલડા...  બોલ...૩
એક દિન તારે અહીંથી જાવું થાશે
તારા દિલડામાં ત્યારે કંઈ કંઈ થાશે
જાવું ગમશે નહીં,અહીં રહેવાશે નહીં,જીવલડા... બોલ...૪
એક દિન કેસ તારો કોરટમાં જાશે
તારા સાક્ષી ત્યાં કોઈ નહીં થાશે
સાક્ષી મળશે નહીં, લઈ જવાશે નહીં,જીવલડા... બોલ...૫
મારા ગરીબનું કહ્યું માની લેને
સદ્ગુરુનું શરણુ લઈ લેને
ખપ લાગશે એ, છોડાવશે તે, જીવલડા... બોલ...૬

થશુ સૈનિક સાચા, કામ પ્રભુનું અમે કરનારા

કરનારા, કામ કરનારા... થશું સૈનિક સાચા...૧

અમે ગાન ગીતાનું જગે ગુંજવનારા

હૈયામાં હરિને બેસાડનારા

રામનામ લઈ ગામગામ ઘુમનારા... થશું સૈનિક સાચા...૨

અમે શ્રમના મહિમાને સમજનારા

નહિ પારકી આશે લટકનારા

કરી આરંભ, પાછા ન પડનારા... થશું સૈનિક સાચા...૩

અમે સાધનાથી નહિ થાકનારા

નહિ તપથી કદી કંટાળનારા

અમે મનમાં લીધેલું પાર પાડનારા...થશું સૈનિક સાચા...૪

લોભ લાલચ મહીં તો નહિ ફસનારા

નહિ લીધેલો પંથ અમે ચૂકનારા

ધ્યેયનિષ્ઠ બની જીવનને જીવનારા...થશું સૈનિક સાચા...૫

નહિ ભોગોની પાછળ ભટકનારા

ચરણો છે કુપંથે અટકનારા

સત્યપંથે સદૈવ ડગ ભરનારા... થશું સૈનિક સાચા...૬

અમે ભક્તિની શક્તિથી ઝઝૂમનારા

ખભે ખભા મિલાવી ઝઝૂમનારા

દુષ્ટ વૃત્તિને વિશ્વથી હાંકનારા... થશું સૈનિક સાચા...૭

અમે પ્રેમથી સહુને સમજનારા

ભાવભક્તિથી સૃષ્ટિને ભેટનારા

અમો સહુમાં પ્રભુને નિરખનારા... થશું સૈનિક સાચા...૮

## (૩૭)

### (છોડ ગયે બાલમ એ - રાગ)

મધુર મધુર લાગે, જ્ઞાની ગુરુજીની વાણી (૨)
દેખી મનડું હરખે, દિવ્ય સ્વામીજી શ્રીનું મુખ (૨)
સંસારીનું સુખ જ કાચું,જ્ઞાન તારું બસ સાચું (૨)
તારી વાણીમાં આત્માની ઓળખ (૨)
પુનિત તારી દ્રષ્ટિ (૨) મધુર...
ગુરુ વિના જ્ઞાન મળે નહિ અમને,લક્ષ ચોરાશી ભટકું (૨)
ગુરુજી જ્ઞાન તમે આપો તો
ભવજળ હું તરી જાવું (૨) મધુર...
બાળ તમારો વિનવે ગુરુજી, અખંડ આનંદ સ્વામી (૨)
સચ્ચિદાનંદની ધૂનજ લાગી
ભવની ભાવટ ભાંગી (૨) મધુર...

## (૩૮)

### (રાગ - તારે આધારે જીવીએ)

તારે આધારે અમે ચાલીએ ને
તારી આશાએ અમે જીવીએ સદાય રે
પાવન કરજો પ્રભુજી
એ...ત્રિવિધિના તાપથી તપી રહ્યો છું ગુરૂ
વરસાવો અમૃત ધાર રે, પાવન કરજો...૧
એ...અજ્ઞાન અંધારામાં આથડું છું પ્રભુ
કરજો જ્ઞાન પ્રકાશ રે, પાવન કરજો...૨
એ... સર્વ તિરથનું તિરથ સદ્‌ગુરૂ
તેમાં ન્હાતાં નિર્મળ થવાય રે,પાવન કરજો...૩

એ...બાળ તમારો વિનવે ને ગુરુજી
લેજો અમારી સંભાળ રે, પાવન કરજો...૪

(૩૯)

(રાગ - ગરબાનો)

ગુંજતો ગુંજતો નાદ આજ મારા ગુરૂજીનો ગુંજતો નાદ,
દર્શન મારા ગુરૂજીનાં થાય (૨)
આજ મારા ગુરુજીનો ગુંજતો નાદ
રોજ રોજ બ્રહ્મજ્ઞાન આપે ગુરૂજી
માયાનો મોહ નવ જાય, (૨) આજ મારા...૧
અજ્ઞાની જીવોને જ્ઞાન નથી થાતું,
બ્રહ્મરૂપ ક્યાંથી દેખાય, (૨) આજ મારા...૨
આત્મા એ જ પરમાત્મા બ્રહ્મ તણું જ્ઞાન છે.
જીવ તો શિવ બની જાય, (૨) આજ મારા...૩
દયા લાવીને ગુરૂ બાળકને તારજો
ત્રિવિધિના તાપ ટળી જાય, (૨) આજ મારા...૪

(૪૦)

(રાગ - રેલગાડી આવી એ)

જ્ઞાનગાડી આવી, ભક્તિનો માલ લાવી
જુઓ ને મારા સંતો આ જ્ઞાનગાડી આવી.
ગાડીમાં બેઠા આનંદ,
કરે બધાને પાવન... જુઓ ને મારા...
સ્વામીનું સ્વરૂપ બ્રહ્મ,
બનો ને સહુ નમ્ર... જુઓ ને મારા...
પ્રભુ છે અંતરયામી,
ગુરૂ છે બહુ નામિ... જુઓ ને મારા...

કરો સહુ સુકર્મો,

પાળો ને સારા ધર્મો... જુઓ ને મારા...

ગુરૂજી આપે શક્તિ,

સહુ કરજો તમે ભક્તિ...જુઓ ને મારા...

## (૪૧)

એ...માધવાનંદ આશ્રમ ઝળહળે ને વળી

ગુરૂજી પધાર્યા અમ દ્વાર (૨)

જ્ઞાની ગુરૂ પામિયા રે લોલ (૨)

ભાલે ત્રિપુંડ્ર તેને શોભતું, ને વળી

ગળે રૂદ્રાક્ષની માળ (૨) જ્ઞાની ગુરૂ...૧

આનંદ રૂપ તમારૂ મુખડું, ને વળી

જ્ઞાન તણો ભંડાર (૨) જ્ઞાની ગુરૂ...૨

બ્રહ્મ જ્ઞાનની સુવાસ તમારી,

અખંડ આનંદ રૂપ (૨) જ્ઞાની ગુરૂ...૩

વાઘામ્બર પર બેસણું, ને વળી

ભગવાં વસ્ત્રો તમારે અંગે (૨) જ્ઞાની ગુરૂ...૪

પગમાં પાવડીને હાથે કમંડળ

ધ્યાના ધૂપ કરૂં આજ (૨) જ્ઞાની ગુરૂ...૫

ચિત્તનાં ચંદન, પ્રેમનાં પુષ્પોને

દિલના દીવા કરૂં આજ (૨) જ્ઞાની ગુરૂ...૬

બાળ તમારો વિનવે, ને ગુરૂ

ઊતારો ભવજળ પાર (૨) જ્ઞાની ગુરૂ...૭

એ...માધવાનંદ આશ્રમ ઝળહળે ને વળી

ગુરૂજી પધાર્યા અમ દ્વાર (૨) જ્ઞાની ગુરૂ...૮

## (૪૨)

### (રાગ – ચાંદી કી દિવાર)

પ્રેમ ભરેલું હૈયું લઈને, આવ્યો ગુરૂજી તમ દ્વારે
જો તમે મુજને તરછોડો તો, આજે મારે જાવું ક્યાં...પ્રેમ...
ના જાણું હું પૂજા તમારી, ના જાણું ભક્તિની રીત
કાલી ઘેલી વાણીમાં હું, ગાતો ગુરૂજી તમારા ગીત
ગુરૂજી તમારી જ્ઞાનગંગામાં, પાપી પાવન થાયે રે...પ્રેમ...
માયાને મમતાના ખ્યાલો, મનમાંથી તમે કાઢોને
સચ્ચિદાનંદની ધૂનમાં હવે, મસ્ત બનીને રાચોને
વિષય વિકારના મેલો ધોવા, ગુરૂના ગુણ ગાઓને...પ્રેમ...
ગુરૂજી તમારા જ્ઞાનથી, સહુ પાપી પાવન થાયે રે
બાળ બનીને તમારા ખોળે,રમવાને હું આવ્યો આજ
હર્ષનાં આસું મુજને આવે મૂર્તિ તમારી ભાળીને...પ્રેમ...

## (૪૩)

આવજો આવજો રે ગુરૂ મારા આવજો રે લોલ
કે જોઈ રહ્યો તમારી વાટ (૨)
કે જ્ઞાની ગુરૂ આવજો રે...
તોરણ બંધાવ્યાં રે આજ મેં તો તપનાં રે લોલ
કે જોઈ રહ્યો તમારી વાટ (૨) જ્ઞાની ગુરૂ...૧
ધજા બંધાવી રે ધ્યાનની મેં તો પ્રભુજી
આશા કરૂં દિન અને રાત (૨) જ્ઞાની ગુરૂ...૨
દીવડા પ્રગટાવું રે દિલના હું રે પ્રભુજી
કે ચિત્તનાં ચંદન કરું હું આજ (૨) જ્ઞાની ગુરૂ...૩
વાજિંત્રો વગાડું રે વ્હાલનાં હું રે પ્રભુજી

વેગે વ્હેલા આવજો (૨) જ્ઞાની ગુરૂ...૪
ભાવતાં ભોજનીયાં રે પીરસ્યાં મેં તો ગુરૂજી
કે જમનાની ઝારી ભરી આજ (૨) જ્ઞાની ગુરૂ...૫
બાળ તમારો રે વિનવે જ્ઞાની ગુરૂજી
ત્રિવિધીનાં તાપ ટાળો આજ (૨) જ્ઞાની ગુરૂ...૬
આવજો આવજો રે ગુરૂ મારા આવજો રે લોલ

## (૪૪)

એ એવા આનંદ સ્વામિની યાદ રે,
મને નિત્ય નિત્ય આનંદ આપે (૨) (ટેક)
માધવ, આનંદ એકજ રૂપ છે
એક જ રૂપ છે ને, એકજ ગુણ છે
કે મારું હૈયું દેખી હરખાય રે ...મને નિત્ય
ગુરૂજીની વાણીમાં દિવ્યતા ભરેલી
દિવ્યતા ભરેલી ને પાવનકારી
કે મને મળી ગયું બ્રહ્મતણું જ્ઞાન રે ...મને નિત્ય
જ્ઞાની ગુરુજી હું બાળ તમારો
તમારો હું ને તમારો માનો
કે મારો ધન્ય બન્યો અવતાર ...મને નિત્ય

## (૪૫)

ગુરુજી કથા કીર્તનવાળા, તેની લાગી અમને માયા
ગુરુજીને જાવું પડશે...
જેવી ગુરુજીની છાયા, તેવી ગુરુજીની માયા,
માયા છોડવી પડશે, ગુરુજીને જાવું પડશે...(૨)
(૧) ગુરુજીએ જ્ઞાનની ગોળી આપી,
સૌએ જ્ઞાનની ગોળી લીધી...ગુરુજીને જાવું પડશે...(૨)

(૨) ગુરુજી તમો નિર્વિકારી
અમો સૌ જીવો વિકારી...ગુરુજીને જાવું પડશે...(૨)
(૩) ગુરુજી આવ્યા ત્યારે હસાવ્યા
ગુરુજી જાશે ત્યારે નિરાશા...ગુરુજીને જાવું પડશે...(૨)
(૪) ગુરુજી વહેલા વ્હેલા આવજો
પુનિત પાઠ શીખવજો...ગુરુજીને જાવું પડશે...(૨)
(૫) ગુરુજીનો ઉપદેશ સૌને વ્હાલો
ટળીયા જનમ જનમનાં પાપો...ગુરુજીને જાવું પડશે...(૨)
(૬) જ્ઞાની ગુરુજીની વાણી...
તેનું રટણ કરો સૌ પ્રાણી...ગુરુજીને જાવું પડશે...(૨)
(૭) ગુરુજી બાળ તમારો જાણી
તેને લેજો તમે ઉગારી...ગુરુજીને જાવું પડશે...(૨)

**(૪૬)**

જનારા જાવ છો તમે ક્યાં, અમોને સાથ દેતા જાવ
અખંડ આનંદ સ્વામિજી, અમોને સાથ દેતા જાવ,
હૃદયની યાચના મારી, અમોને પાવનકારી થાવ.
અમો સૌ વાસનાધારી, અલખ નિરંજન સ્વામી તમો...જનારા...
અમો સૌ અલ્પ બુદ્ધિના, અમોને માયા વ્હાલી છે,
તેનું ખંડન કરો ગુરૂજી, અમારો આશરો છો તમો...જનારા...
તમે જે જ્ઞાન દીધું છે તે, ગ્રહણ કીધું અમે તેને,
પરંતુ પાળવું એને, ખરેખર તે જ દોહ્યલું છે...જનારા...
પરમ પાવનકારી તમો, આપનું જ્ઞાન બહોળું છે,
વેદોની વાણી રણકે છે, ગીતાનું જ્ઞાન મુખે છે...જનારા...
ગુરુજી યાચના મારી, કૃપાદ્રષ્ટિ હું માંગુ છું,
અંતરનો તાર માગું છું, શરણ આપજો તમારૂ...જનારા...

તમારો બાળ જાણીને, ભૂલો ના ગુરુજી મારા,
અમારી યાદ ભૂલો ના, અમારી એ જ અરજ છે ...જનારા...

## (૪૭)

### (રાગ – પરદેશીની પ્રીતિ)

પરદેશીની પ્રીત રે સ્વામિજી અમને મૂકી શીદ જાવ છો રે...
આવો રુડો સેવકોનો સંગ રે... સ્વામિજી અમને...
સેવક તમારા પુંજાકાકા રે.
ભજન ભિક્ષાની હોંસ રે... સ્વામિજી અમને...
સેવક તમારા વીસાકાકા રે.
રાતદિન રહે મંદિરમાં... સ્વામિજી અમને...
સેવક તમારા શાંતિભાઈ રે.
રાતદિન સેવા કરે રે... સ્વામિજી અમને...
સેવક તમારા ગોરધનભાઈ રે.
વહીવટ કર્તા હોંશે રે... સ્વામિજી અમને...
સેવક તમારા રામભાઈ રે.
સ્વામિજીની સાથે ફરવા જાતા રે... સ્વામિજી અમને...
બાળ તમારા વિનવે રે.
સેવા તમારી આપો... સ્વામિજી અમને...
પરદેશીની પ્રીત રે સ્વામિજી અમને મૂકી શીદ જાવ છો રે...

## (૪૮)

ભજમન પ્રભુ પરમ સુખદાઈ
મેલીને માન બડાઈ ...ભજમન
પાપને પૈસામાં શું મચી રહ્યો છે
છોડી દે પ્રપંચ પટલાઈ,

પરમ પ્રેમથી પ્રભુને ભજીલે
કરે પર ઉપકાર સદાઈ ...ભજમન
કંચન સરખી કાયા તારી
રાખમાં જાશે રોળાઈ
જગનું બધું જગમાં રહી જશે
થાશે આખર તારી ફજેતાઈ ...ભજમન
અંત સમયમાં સાથે આવે
એવી કરી લે કમાઈ
સંતપુરુષનો સંગ કરી લે
છોડી દે માન બડાઈ ...ભજમન
સંતપુરુષની સેવા કરતા
મનડું નિર્મળ થઈ જાય
પ્રભુ ભજનમાં નિશદિન રહેતા
મળશે અખંડઆનંદ સદાઈ...ભજમન

(૪૯)

સત્ય સંકલ્પ ને સત્ય ભાવના, સાચી સમજણ જેને રે,
પ્રેમનો પ્રવાહ વહે પલપલમાં, સમજો સજ્જન તેને રે,
દ્વેષ ન રાખે જુઠ ન ભાખે, સાચી શાન્તિ જેને રે,
જેના હૃદયે વાસ પ્રભુનો, સમજો સજ્જન તેને રે,
અંતરમાં અહંતા નહીં જેને, મમતા માન ન જેને રે,
હૃદયે વિવેક વૈરાગ્ય જેને, સમજો સજ્જન તેન રે,
કુડ, કપટ, છલ દગા ન જેમાં, સમતા સ્નેહ છલકતો રે,
દિવ્ય ભાવનાથી ભરપુર જે, સમજો સજ્જન તેને રે,
દેહ ને જેણે દેવળ બનાવ્યું, પવિત્રતા પ્રસરાવી રે,
ઘટઘટમાં પ્રભુને જે જોવે, સમજો સજ્જન તેને રે,

ખલક તણાં આ ખોટા ખેલે, મનડું ન રમે જેનું રે,
તન, મન, ધન, પ્રભુ અર્થે ત્યાગે, સમજો સજ્જન તેને રે,
પ્રભુ જે કરશે તેજ ખરું છે બીજું સરવે કાચું રે,
એવી ભાવના જેના હૃદયમાં, સમજો સજ્જન તેને રે,

## (૫૦)

રંગ લાગ્યો ગુરૂજી મને પ્યારો, તમારો સંગ નહીં છોડું
ભય ભાગ્યો પ્રભુજી હવે મારો, તમારો સંગ નહી છોડું...રંગ
અંતર્યામિ, છો બહુનામિ, પ્રગટ પ્રભુ સદ્‌ગુરુ સ્વામી
જોયું રૂપ પુરણ તમારું, તમારો સંગ નહીં છોડું...રંગ
દેવોના દેવ તમો પ્રગટ દેવ છો,ભુક્તિ મુક્તિના દાતાર દેવ છો
મારા મનના મનોરથ પૂર્યા, તમારો સંગ નહી છોડું...રંગ
તમો પૂર્ણ જયોતિ સ્વરૂપ છો, અજ્ઞાન અંધારું દૂર કરો છો
મારા દિલડામાં પ્રભુ પ્રગટાવ્યા, તમારો સંગ નહીં છોડું...રંગ
જ્ઞાન ગંગાની ધારા કરો છો, મનડાના મેલને તમે હરો છો
મને જ્ઞાન ગંગામાં નવરાવ્યો, તમારો સંગ નહી છોડું...રંગ
કુસંસ્કારોને દૂર કરો છો, સાચી સંસ્કૃતિ ભાવે ભરો છો
સાચી શ્રદ્ધા હૃદયે પ્રગટાવી, તમારો સંગ નહીં છોડું...રંગ
નિષ્કામ ભાવે કર્મ કરાવ્યા, આળસને અજ્ઞાન હટાવ્યા
મારા મનડાને નિર્મળ કીધું, તમારો સંગ નહીં છોડું...રંગ
દિવ્ય ભાવો આપ્યા જીવનમાં,વિનય વિચારો સ્થાપ્યા જીવનમાં
મારી ભક્તિમાં શક્તિ વધારી, તમારો સંગ નહીં છોડું...રંગ
કાયરતાને કુમતિ કાપી, શૂરવીરતાને સુમતિ આપી
મને ભક્તિમાં મસ્ત બનાવ્યો, તમારો સંગ નહીં છોડું...રંગ
વિશ્વેશ્વરની મહિમા મોટી, મારે હૃદયે અતિશય ચોટી
મને મળી છે સુખની ચાવી, તમારો સંગ નહીં છોડું...રંગ

(૫૧)

અવસર રૂડો આવ્યો છે, પ્રભુ ભજન ભાવે કરીલે
કરવાનું ઝટ કરીલે, અવસર રૂડો આવ્યો છે.
માન ને મોટપ છોડી દે, પ્રભુ ભજન ભાવે કરી લે
ભાવે કરી લે શ્રદ્ધાએ કરીલે, પ્રભુ ભજન ભાવે કરી લે
કાળ માથે કોપી રહ્યો છે, પ્રભુ ભજન ભાવે કરી લે
આળસને અજ્ઞાન મેલીને, પ્રભુ ભજન ભાવે કરી લે
અંતરમાં શ્રદ્ધા ભરીને, પ્રભુ ભજન ભાવે કરી લે
ચિત્તમાં સંતોષ ધરીને, પ્રભુ ભજન ભાવે કરી લે
સદ્ગુરુનો સાથ લઈને, પ્રભુ ભજન ભાવે કરી લે
મમતાને માન મેલીને, પ્રભુ ભજન ભાવે કરી લે
છળ કપટ દગા તજી દે, પ્રભુ ભજન ભાવે કરી લે
મનની મરજાદા મેલીને, પ્રભુ ભજન ભાવે કરી લે
શીલના શૃંગાર સજીને, પ્રભુ ભજન ભાવે કરી લે
વિનયનો વેષ સજીને, પ્રભુ ભજન ભાવે કરી લે
નિષ્કામ ભાવ ભરીને, પ્રભુ ભજન ભાવે કરી લે
વાચ કાશ વશ કરીને, પ્રભુ ભજન ભાવે કરી લે
અન્તરનું અભિમાન ત્યજીને, પ્રભુ ભજન ભાવે કરી લે
કામ અને ક્રોધ ત્યજીને, પ્રભુ ભજન ભાવે કરી લે
ઊંઘમાંથી ઝટ જાગીને, પ્રભુ ભજન ભાવે કરી લે
અખંડઆનંદ ઉરમાં રાખીને, પ્રભુ ભજન ભાવે કરી લે

(૫૨)

ભજનમાં આવો નરનેનાર, જીવનનો કરવા બેડો પાર
ભજનમાં આવો નરનેનાર, ભજનથી રીઝશે જગ કરતાર,

જીવન તારું જાતુ રહેશે, કરવાનું બાકી રહી જાશે
આગળ ખાવા પડશે માર, ભજનમાં આવો નર ને નાર...
આ જીવન તારું છે એવું, પાણીના પરપોટા જેવું,
પરપોટો પલમાં ફુટનાર, ભજનમાં આવો નર ને નાર...
કાયાની માયા છે ખોટી, તેને તું માને છે મોટી,
માયા મારશે તુજને માર, ભજનમાં આવો નર ને નાર...
માયા તુજને લાગે પ્યારી, અન્તે એતો રહેશે ન્યારી,
જલદી છોડી એનો પ્યાર, ભજનમાં આવો નર ને નાર...
મેડી મન્દિર માલ ખજાના, મેલી ચાલ્યા મોટા રાજા
પડયા છે ખાલી ઘરને બાર, ભજનમાં આવો નર ને નાર...
પ્રભુ છોડી પૈસામાં ધાયો, દુનિયામાં કહેવાયો ડાહ્યો,
ખોટું ડહાપણ ખવરાવશે માર,ભજનમાં આવો નર ને નાર...
અખંડ આનંદમાં રહેવા માટે, જીવન જગમગ કરવા માટે
થાવા માટે ભવથી પાર, ભજનમાં આવો નર ને નાર...

## (૫૩)

સત્સંગમાં આવો નરનેનાર, તમારો પુરણ છે અધિકાર
હ્દયમાં કરજો સદ્‌વિચાર, તમારો પુરણ છે અધિકાર.
અધિકાર તમારો જાતો રહેશે, પાછળથી પસ્તાવો થાશે
માટે વહેલો કરો વિચાર, સત્સંગમાં આવો નરનેનાર.
માનવ દેહ આ ક્ષણભંગુર છે,છતાંય પણ એ મંગળમય છે
સત્સંગ છે જીવનનો સાર, સત્સંગમાં આવો નરનેનાર.
નાણું આપે ટાણું ન આવે, પ્રભુ કૃપાથી અવસર આવે
સત્સંગ સાચું સુખ દેનાર, સત્સંગમાં આવો નરનેનાર.
આશા તૃષ્ણા ઓછી થાશે, સાચું રહસ્ય તુજને સમજાશે

ઉઘડશે અંતર કેરા દ્વાર, સત્સંગમાં આવો નર ને નાર.
ચેતન રૂપ સદા છે તારું, પંચ ભૂતથી છે એ ન્યારુ
સમજવા સાચા સુખનો સાર, સત્સંગમાં આવો નર ને નાર.
જગનાં ખોટા ખેલે રમશે, એ તો ભવસાગરમાં ભમશે
કરવા ભવસાગરનો પાર-સત્સંગમાં આવો નર ને નાર.
મેલી માયા મમતા જાશે, અંતરમાં અંજવાળું થાશે
ટાળવા અંતરનો અંધકાર, સત્સંગમાં આવો નર ને નાર.
સત્સંગ અખંડ આનંદ આપે, પલમાં ભવના બંધન કાપે
સત્સંગ છે સાચા સુખનું દ્વાર, સત્સંગમાં આવો નર ને નાર.

## (૫૪)

આવો આવો લેવા ભજનનો લ્હાવો રે
ભજનને પ્રભાવે રે પ્યારા પ્રભુ પ્રગટશે રે લોલ
રાખો રાખો શ્રદ્ધા પ્રભુમાં ભરપુર રે
શ્રદ્ધાને પ્રભાવે રે પ્રભુ મારો રીઝશે રે લોલ
પ્રીતે પ્રીતે રાખો પ્રભુમાં પ્રેમ રે
પ્રેમને પ્રભાવે રે પ્યારો મારો પ્રગટશે રે લોલ
ભરો ભરો ભાવ હૃદયમાં ભરપુર રે
ભાવને પ્રભાવે રે હૃદય શુદ્ધ થઈ જશે રે લોલ
દોડો દોડો લેવા ભજનનો લ્હાવો રે
આવો રૂડો અવસર પ્રાણી તને નહીં મળે રે લોલ
છોડો છોડો જૂઠું માન ગુમાન રે
વિનયના વિચારો રે હૃદયમાં રાખશો રે લોલ
ધારી ધારી પુરણ ધારણ ધીર રે
પહેલો પહોર રે પ્રભુમાં ગળશો રે લોલ
કરો કરો પછી તમારા રૂડા કામ રે

હરતાને ફરતા રે પ્રભુને સંભારજો રે લોલ
કરજો સઘળા નિષ્કામ ભાવથી કર્મ રે
ખોટી ચિંતા છોડી રે અખંડ આનંદમાં માલજો રે લોલ

## (૫૫)

તમારા સંગમાં રહીશું, અમારા મેલને ધોશું
તમારો સંગ પ્યારો છે, જીવન દીપાવનારો છે.
તમારા સંગથી સ્વામિન્, અનેરો પ્રેમ જાગ્યો છે.
તમારા બોધથી સ્વામિન્, અમોને રંગ લાગ્યો છે.
તમારા પ્રેમથી ગુરુજી, પ્યારમાં પ્રેમ જાગ્યો છે.
તમારા જ્ઞાનથી ગુરુજી, જીવનમાં જોસ આવ્યો છે.
તમારા સ્નેહથી પ્રભુજી, જીવનમાં શાંતિ વ્યાપી છે.
તમારા ભાવથી સ્વામીન્, હૃદયનો ભાવ જાગ્યો છે.
તમારા તેજથી ગુરૂજી, અમારું તેજ જાગ્યું છે.
તમારા જોશથી ગુરૂજી, અમારું જોશ જાગ્યું છે.
તમારી શાન્તિએ સ્વામિન્, અમોને શાન્તિ આપી છે.
તમારા શીલથી સ્વામિન્, અમારું શીલ સચવાયું છે.
તમારા નિયમથી ગુરૂજી, અમારાં નિયમ પળાયા છે.
તમારા ઉચ્ચ ભાવોએ, અમોને મહાન કીધા છે.
તમારા દિવ્ય આદર્શો, અમોએ માની લીધા છે.
તમારા પુણ્ય ચરણોએ, અમોને પાવન કીધા છે.
તમારા દિવ્ય દર્શનથી, અમારા દુઃખ ટળીયા છે.
તમારા બોધ વચનોથી, સચ્ચિદાનંદ મળીયા છે.

## (૫૬)

અમારા પ્રાણથી પ્યારા, પ્રભુ શ્રી સચ્ચિદાનંદ છે.
અમારા નેત્રના તારા, પ્રભુ શ્રી માધવાનંદ છે.
અમારા કષ્ટ હરનારા, પ્રભુ શ્રી સચ્ચિદાનંદ છે.
પરમ સુખ દાન દેનારા, પ્રભુ શ્રી માધવાનંદ છે.
અમારૂં સર્વ હિત કરતા, પ્રભુ શ્રી સચ્ચિદાનંદ છે.
સકલ દાતા અને ભર્તા, પ્રભુ શ્રી માધવાનંદ છે.
અખિલ આ વિશ્વના સ્વામી, પ્રભુ શ્રી સચ્ચિદાનંદ છે.
બહુરૂપી બહુનામી, પ્રભુ શ્રી માધવાનંદ છે.
હૃદયમાં વાસ કરનારા, પ્રભુ શ્રી સચ્ચિદાનંદ છે.
કરે શુભ મુદ્રા ધરનારા, પ્રભુ શ્રી માધવાનંદ છે.
અમારો ગર્વ હરનારા, પ્રભુ શ્રી સચ્ચિદાનંદ છે.
સ્વજન સંતાપ હરનારા, પ્રભુ શ્રી માધવાનંદ છે.
સકલમાં વ્યાપી રહેનારા, પ્રભુ શ્રી સચ્ચિદાનંદ છે.
કનક ને કામના ત્યાગી, પ્રભુ શ્રી માધવાનંદ છે.
અખંડ આનંદના દાતા, પ્રભુ શ્રી સચ્ચિદાનંદ છે.
પરમ મંગલમય કર્તા, પ્રભુ શ્રી માધવાનંદ છે.
પ્રભુ શ્રી શિવોહંસાગર સ્વામી, તમો છો અન્તરયામી.
તમારા પ્રેમથી પ્રભુજી, અખંડ આનંદમાં રહું છું.

## (૫૭)

***ૐ પરમાત્મને નમઃ । ૐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ ।***

ભક્તિ કરવી રે પુરણ પ્રીતે રે
એના સાધન સાધવા પ્રીતે રે
પહેલું સાધન સંતોની સેવા રે
બીજું સાધન તનમન અર્પિ દેવા રે
ત્રીજું સાધન વિષયનો ત્યાગ રે

ચોથું સાધન પુરણ વૈરાગ્ય રે
પાંચમું સાધન પૂરી શ્રદ્ધા રે
છઠ્ઠું સાધન સુખ દુઃખ સહેવા રે
સાતમું સાધન મનની દ્રઢતા રે
આઠમું સાધન સાચો સંતોષ રે
નવમું સાધન પુરણ પ્રેમ રે
દસમું સાધન ન રાખવો વ્હેમ રે
એવા સાધન સ્નેહે કરશે રે
તેને પ્રભુજી પ્રગટ મળશે રે
પ્રગટ પ્રભુ સદ્‌ગુરુજીને જાણો રે
પ્રભુ ને ભજીને બ્રહ્મરસ માણો રે
પુરણ બ્રહ્મ સચ્ચિદાનંદ રે
એ છે આતમા સહુનો અખંડ રે.

## (૫૮)

પ્રભુ એવી દયા કર તું, ભજનમાં મસ્ત સદા રહું હું
સકળ સંસારની ચિન્તા થકી અળગો રહું હું-પ્રભુ
હૃદય તુજ રંગમાં રાચે, સકળ પીડા પ્રભુ નાસે
અહર્નિશ આનન્દમાં રહું હું-પ્રભુ એવી દયા કર તું
માયા મમતા મટે મનથી-અહંતા જાય અંતરથી
જીવનની જયોત સદા ઝબકે-પ્રભુ એવી દયા કર તું
ત્રિવિધિના તાપને ટાળો - વિષયની વાસના બાળો
સમતાને શાન્તિ પ્રગટાવો-પ્રભુ એવી દયા કર તું
સતત સ્મરણ રહે તારું, ટળે અભિમાન નઠારું
અનંત શક્તિ સદા પ્રગટે પ્રભુ એવી દયા કર તું
વિનયી વાણી રહે મારી, સકળ તારું સ્વરૂપ જાણી

મધુરવાણી સદા ટહુકે, પ્રભુ એવી દયા કર તું
ન અંતર કોઈનું બાળું, સકળ નિજરૂપ નિહાળું
નિખિલના નેત્રને ઠારૂં, પ્રભુ એવી દયા કર તું
સદા મન મસ્ત રહે મારું, તમારા ગુણ ગાવામાં
સતાવે ન મોહ કે મમતા-પ્રભુ એવી દયા કર તું
સકલ સંસારમાં રહેતા, ન વ્યાપે રાગ કે દ્વેષ
રહું સંતોષમાં સતત-પ્રભુ એવી દયા કર તું.

(૫૯)

સાચું રે શરણું સદ્‌ગુરૂ દેવનું રે
બીજું બધું કાચું છે કામ રે ...જીવલડા...સાચું
સદ્‌ગુરૂ ચૈતન્ય બ્રહ્મ છે રે
સર્વે દેવોના છે દેવ રે ...જીવલડા...સાચું
ગુરૂનું ચરણ રે ભવજળ તારશે રે
પહોંચાડશે પેલે પાર રે...જીવલડા...સાચું
ગુરૂ સેવાથી સમરથ થયા રે
બ્રહ્મા વિષ્ણુ ને મહેશ રે ...જીવલડા...સાચું
રામ શ્યામને સનકાદિક રે
ગુરૂસેવી ઉતર્યા ભવપાર રે ...જીવલડા...સાચું
જનક નાનક શુકદેવજી રે
ગુરૂ સેવી તરિયા સંસાર રે ...જીવલડા...સાચું
જેણે જેણે ગુરૂ ચરણ સેવીયા રે
તેઓ તેઓ પામ્યા અખંડ આનંદ રે...જીવલડા...સાચું

(૬૦)

ગુરૂગણ ગાજો રે, મારા સહુને સચ્ચિદાનંદ
આનંદમાં રહેજો રે, મારા સહુને સચ્ચિદાનંદ

જગમાં રહેવું તો એમ, જળમાં કમળની જેમ
રૂડા રાખો નેમ રે, મારા સહુને સચ્ચિદાનંદ
સુખમાં ફૂલશો નહીં, દુઃખમાં ડુલશો નહી
એકરસ રહેજો રે, મારા સહુને સચ્ચિદાનંદ
આશા તૃષ્ણા દૂર કરો, ચિત્તમાં સંતોષ ધરો
નિજાનંદમાં રહેજો રે, મારા સહુને સચ્ચિદાનંદ
પ્રભુજીનું ધ્યાન ધરો, હૈયામાં ઉમંગ ધરો
પરોપકાર કરો કે, મારા સહુને સચ્ચિદાનંદ
પ્રેમતણા પાઠ ભણો, સહુને સમાન ગણો
કોઈ જીવ નવ હણો રે, મારા સહુને સચ્ચિદાનંદ
માન ને મમતા મેલો, અવસર આછે છેલ્લો
સચ્ચિદાનંદમાં ખેલો રે, મારા સહુને સચ્ચિદાનંદ

## (૬૧)

સચ્ચિદાનંદ ભાવે ભજજે રે મનડા મારા
ખોટી ચિંતા છોડી દેજે રે મનડા મારા
સંસારનું સુખ એવું ઝાંજવાના નીર જેવું
માટે તેને તજી દેજે રે મનડા મારા ...સચ્ચિદાનંદ
ભજનનું સુખ ઝાઝુ નિત્ય નિત્ય તાજું તાજું
માટે તેમાં રહેજે ઝાઝુ રે મનડા મારા ...સચ્ચિદાનંદ
વિષયનું વિષ એવું વારંવાર મારે તેવું
તેથી તેને છોડી દેજે રે મનડા મારા ...સચ્ચિદાનંદ
આત્મા છે અવિનાશી સચ્ચિદાનંદ સ્વપ્રકાશી
એમાં સદા રહેજે રાચી રે મનડા મારા ...સચ્ચિદાનંદ
કાયા રૂપી કુંભ કાચો ક્ષણમાં વિનાશ થાશે
કરવાનું કરી લેજે રે મનડા મારા ...સચ્ચિદાનંદ
સદ્‌ગુરૂજીને ચરણે રહેજે મારૂં તારૂ છોડી દેજે
મુક્ત થઈને વિચરજે રે મનડા મારા ...સચ્ચિદાનંદ

## (કારતકે કર્મનિવાર જેવો રાગ - ગરબી)

નમુ નમુ ગુરૂજીને વારંવાર રે,
તેથી ભવ સાગર પાર સેજે થાય રે !
મોટા મોટા મુનિજન, ગુરૂ ગુણ ગાય રે,
તેથી મોહમાયાની જાળ, પલમાં છૂટી જાય રે !
નારદને સનકાદિક, સદ્ગુરૂ મળીયા રે,
તેથી પામી ભૂમાનુભાન, પ્રભુમાં ભળીયા રે !
કૃષ્ણ સાંદીપની; ગુરૂ મળ્યા જ્યારે રે,
ત્રણ લોકનું થયું જ્ઞાન તેને ત્યારે રે !
રામને ગુરૂ વસિષ્ઠ, જ્ઞાનિ મળીયા રે,
પામી નિત્ય નિર્મળ જ્ઞાન, પ્રભુ રૂપે વિચરીયા રે !
અષ્ટાવક્ર ગુરૂદેવ, જનકને મન ભાવ્યા રે
રાજકાજ કરતા તોય, વિદેહ કહેવાયા રે !
વાલ્મીકીને સપ્તઋષિ, ગુરૂ રૂપે મળીયા રે,
પાપ કર્મ છુટ્યા પલમાય, ઋષિઓમાં ભળીયા રે !
અર્જુન યુદ્ધની માંય, દુઃખે ઘેરાણો રે,
નથી મારગ સૂજતો કાંય, મનમાં મૂઝાણો રે !
કૃષ્ણને ગુરૂ રૂપેથી, જ્યારે પોકાર્યા રે,
ત્યારે ટળી ગયું અજ્ઞાન, વિરાટને ભાળ્યા રે !
એકલવ્ય ભીલનો બાળ,વિદ્યા માટે ફરતો રે,
ગુરૂ મૂર્તિ કરી વનમાંય, ધ્યાન જ ધરતો રે !
શ્રદ્ધા ભકિત જે ઉમંગ, હૃદયમાં રાખ્યા રે,
અર્જુન થકી પણ અધિક, વિદ્યાફળ ચાખ્યા રે !
કૌત્સઋષિ ગુરૂદેવ, વરતંતુને સેવી રે,
ચૌદ વિદ્યા પામ્યા તેથી અમૂલ્ય ઘણેરી રે !

રામદાસ ગુરૂની કૃપા, શિવાજીને મળતા રે,
શાન્તિ પામતા તે તત્કાળ યુદ્ધમાં ફરતા રે !
રામકૃષ્ણ પરમહંસ ગુરૂની કૃપાથી,
થયા વિવેકાનંદ વિશાળ આ અવનીમાં રે !
તોટકાચાર્ય સદા ગુરૂ સેવા કરતા રે,
તેથી વિદ્યા પામ્યા તત્કાળ અમૂલ્ય અનેરી રે !
જે જે પામ્યા જ્ઞાન અપાર, ગુરૂ સેવાથી રે,
તે તે થઈ ગયા ભવથી પાર, એક પલકમાં રે !
આ તો મોટી કહી વાત, નાની છે ઝાઝી રે,
માટે ગુરૂને સેવોને મન ! સંશય ત્યાગી રે !
મારા સદ્ગુરૂ સ્વામીદેવ, તમો છો દયાળુ રે,
મારી ઉપર કરોને મ્હેર, સ્વરૂપને ભાળુ રે !
તમો સાચા છો સરજનહાર, જ્ઞાનગંગાના રે !
તેમાં અમોને કરાવો સ્નાન, મટે તાપ અંગોના રે !
ભવદુ:ખમાં ભટકયો અપાર, તાપે તપું છું રે,
જન્મ મરણ દુ:ખનું મૂળ, અતિ લાંબુ છે રે!
ધરી ધરી દેહ અનેક મુઝાણો રે,
તે દુ:ખ ટાળવા કાજ, અતિ અથડાણો રે!
ભમ્યો ભિન્ન ભિન્ન તીર્થ,દેવ દેવી ભાળી રે !
મોટા વ્રત કર્યા ઉપવાસ, કાયાને બાળી રે !
બહુ સાધ્યા મંત્ર ને તંત્ર, એકાન્તે બેસી રે,
તોય વાસના વાધી ઘણી, થઈ બેચેની રે !
કર્યા કર્મ કોટી અપાર, લોકની લાજે રે,
ભમ્યો ભવમાં હું તેના, ફળ ભોગવવા કાજે રે !
ગર્ભનું દુ:ખ વિશાળ, કહેતા જીભ થાકે રે,

અતિ પીડા થાય પિંડમાંય, જ્યારે દેહ પાકે રે !
એવા દુઃખ દરીયાની માંય,ડુબુ છું સ્વામી રે,
કૃપા કરો તમો ગુરૂદેવ, છો અંતર્યામિ રે !
આપ ચરણરૂપી નાવ, આપો મને તરવા રે,
અન્ય સાધન સઘળા છે, ભવમાં મરવાના રે !
આપ વ્યાપક છો ગુરૂદેવ, સચરાચરમાં રે,
પણ મન્દ અભાગી નર, સમજે નહિ મનમાં રે !
મારી ઉપર રાખી મ્હેર, મન મંદિરમાં રે,
વહેલા પ્રકાશો શ્રીગુરૂદેવ, રહુ મગનમાં રે !
મારૂ અજ્ઞાન થાય દુર, જ્ઞાન પ્રતાપે રે,
રાગદ્વેષના બળે બીજ, જ્ઞાન અગ્નિમાં રે !
કામ ક્રોધ લોભ ને મોહ, પલમાં ભાગે રે,
તવ કૃપા થાય ગુરૂદેવ, કદી નવ જાગે રે !
હું અને મારાનો મોહ, મન મંદિરથી રે,
સદા માટે થઈ જાય દૂર, જડજ મૂળથી રે !
મટે હૃદયથી અભિમાન, દેહ જેહનું રે,
ધન યૌવન ને વળી જાત, દેશ વેશનું રે !
સઘળે ભાસે પોતાનું રૂપ, સચ્ચિદાનન્દ રે,
ભિન્ન ભાવે મટે તે વાર, રહે નિજ રૂપે રે !
માટે આપ તણો આધાર, ગુરૂજી સાચો રે !
બીજો સઘળો જગ વ્હેવાર, જાણું કાચો રે !
ધન્ય ધન્ય ગુરૂદેવ, સર્વ પ્રકાશી રે,
અંતર્યામિ નિરંતર દેવ, સકળ ઘટવાસી રે !
ચરણ કમળની સાંય, અમોને આપો રે,
ભવદુઃખ રૂપી સહુ તાપ, પલમાં કાપો રે !

મારા અવગુણોનો પાર,કદી નવ આવે રે,
જો ક્ષમા કરો ગુરૂદેવ, તો દુઃખ જાવે રે !
માધવાનન્દ ગુરૂદેવ ! તમારી સેવામાં રે,
રહેતા પામુ અખંડ સુખ સચ્ચિદાનન્દનું રે !

## (ગઝલ)

ગમે તેવો ગણો મુજને, ગુરૂજી હું તમારો છું,
હૃદયની ભાવના કહે છે, ગુરૂજી હું તામારો છું !
તમો મારા હૃદયતારા, અતિશય મુજને પ્યારા,
મારૂ અજ્ઞાન હરનારા, ગુરૂજી હું તમારો છું,
અગર તારો કે બુડાઓ, શરીર નાવ સોંપુ છું,
મને ચિંતા નથી જરીએ, ગુરૂજી હું તમારો છું,
તમો નાવિક હું નૌકા, ચલાવો તેમ હું ચાલુ,
ચલાવ્યા વિણ નથી છુટકો, ગુરૂજી હું તમારો છું,
ભલે આશાઓના મોજા,અતિશય આવતા જા જા;
ધરી ધીરજની ધ્વજા, ગુરુજી હું તમારો છું;
બેચાવો તેમ બેચુ હુ, ચલાવો તેમ ચાલુ હું,
કરાવો તેમ કરવાનો, ગુરૂજી હું તમારો છું,
નથી હું જાણતો તરવું, નથી હું જાણતો મરવું,
તમારૂ જાણું છું શરણું, ગુરૂજી હું તમારો છું,
પરમ શ્રદ્ધાને ભકિતથી, તમારો સંગ કીધો છે,
અખંડ તેને નિભાવોને, ગરૂજી હું તમારો છું,

# શ્રી ચર્પટપંજરિકા સ્તોત્રમ્

ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં
ગોવિન્દં ભજ મૂઢમતે।
પ્રાપ્તે સન્નિહિતે મરણે
નહિ નહિ રક્ષતિ ડુકૃઞ્ કરણે ... ભજ ...(૧)
દિનમપિ રજની સાયં પ્રાતઃ,
શિશિરવસન્તૌ પુનરાયાતઃ।
કાલઃ ક્રીડતિ ગચ્છત્યાયુઃ,
તદપિ ન મુંચત્યાશાવાયુઃ ... ભજ ... (૨)
બાલસ્તાવત્ક્રીડાસક્તઃ,
તરુણસ્તાવત્તરુણીરક્તઃ।
વૃદ્ધસ્તાવચ્ચિન્તામગ્નઃ,
પરે બ્રહ્મણિ કોઽપિનલગ્નઃ... ભજ ... (૩)
અંગં ગલિતં પલિતં મુણ્ડં,
દશનવિહીનં જાતં તુણ્ડમ્।
વૃદ્ધો યાતિ ગૃહીત્વા દણ્ડં,
તદપિ ન મુંચત્યાશાપિંડમ્... ભજ ... (૪)
પુનરપિ જનનં પુનરપિ મરણં,
પુનરપિ જનની જઠરે શયનમ્।
ઈહ સંસારે ખલુ દુસ્તારે,
કૃપયા પારે પાહિ મુરારે।... ભજ ... (૫)
જટિલો મુણ્ડી લુન્ચિતકેશઃ,
કાષાયામ્બર બહુકૃત વેષઃ।
પશ્યન્નપિ ચ ન પશ્યતિ મૂઢઃ,
ઉદરનિમિત્તં બહુકૃત વેષઃ... ભજ ... (૬)

વયસિ ગતે કઃ કામવિકારઃ

શુષ્કે નીરે કઃ કાસારઃ।

ક્ષીણે વિત્તે કઃ પરિવારઃ,

જ્ઞાતે તત્ત્વે કઃ સંસારઃ ... ભજ ... (૭)

અગ્રે વહ્નિઃ પૃષ્ઠે ભાનુ,

રાત્રૌ ચિબુકસમર્પિત જાનુઃ।

કરતલ ભિક્ષા તરુતલવાસઃ

સ્તદપિ ન મુંચત્યાશા પાશઃ ... ભજ ... (૮)

યાવદ્વિત્તોપાર્જનસક્તઃ,

તાવન્નિજ પરિવારો રક્તઃ

પશ્ચાદ્ધાવતિ જર્જર દેહે,

વાર્તાં પૃચ્છતિ કોઽપિ ન ગેહે।... ભજ ... (૯)

નારી સ્તનભર નાભિ નિવેશં

મિથ્યામાયામોહાવેશમ્।

એતન્માંસવસાદિ વિકારં,

મનસિ વિચારયવારંવારમ્।... ભજ ... (૧૦)

ગેયં ગીતા નામસહસ્રં,

ધ્યેયં શ્રીપતિરુપમજસ્રમ્।

નેયં સજ્જનસઙ્ગે ચિત્તં,

દેયં દીનજનાય ચ વિત્તમ્ ... ભજ ... (૧૧)

ભગવદ્ગીતા કિંચિદધીતા,

ગંગાજલલવ કણિકા પીતા।

સકૃદપિ યસ્ય મુરારિસમર્ચા,

તસ્ય યમઃ કિં કુરૂતે ચર્ચામ્... ભજ ... (૧૨)

કા તે કાન્તા કસ્તે પુત્રઃ,
સંસારોડયમતીવ વિચિત્રઃ
ઈતિ પરિભાવય સર્વમસારં,
સર્વ ત્યક્ત્વા સ્વપ્ન વિચારમ્ ... ભજ ... (૧૩)
સુખતઃ ક્રિયતે રામાભોગઃ,
પશ્ચાદ્ધન્ત શરીરે રોગઃ
યદ્યપિ લોકે મરણં શરણં,
તદપિ ન મુંચતિ પાપાચરણમ્ ... ભજ ... (૧૪)
યાવજ્જીવો નિવસતિ દેહે
કુશલં તાવત્પૃચ્છતિ ગેહે
ગતવતિ વાયૌ દેહાપાયે,
ભાર્યા બિભ્યતિ તસ્મિન્કાયે ... ભજ ... (૧૫)
મા કુરૂ ધનજનયૌવનગર્વં,
હરતિ નિમેષાત્કાલઃ સર્વમ્।
માયામયમિદમખિલં હિત્વા,
બ્રહ્મપદં પ્રવિશ્યાશુ વિદિત્વા... ભજ ... (૧૬)
સુરતટિની તરુમૂલ નિવાસઃ,
શય્યાભૂતલમજિનં વાસઃ
સર્વપરિગ્રહભોગ ત્યાગઃ
કસ્ય સુખં ન કરોતિ વિરાગઃ ... ભજ ... (૧૭)
કુરુતે ગંગાસાગરગમનં,
વ્રતપરિપાલનમથવા દાનમ્।
જ્ઞાન વિહિને સર્વમનેન,
મુક્તિં ન ભવતિ જન્મશતેન... ભજ ... (૧૮)

**ઈતિ શ્રીમદ્ ભગવાન આદ્ય શંકરાચાર્ય વિરચિતં**
**ચર્પટપંજરિકા સ્તોત્રમ્ સમ્પૂર્ણમ્ ।**

## રાગ - પ્રભાત (૧)

પ્રાતઃ સમે ઉઠીને પ્રાણી, ગુરુજીનું સમરણ કરનેરે,
હરતાં ફરતાં પરિબ્રહ્મ કેરુ, નામ હૃદયમાં ધરનેરે.
વિષય વાણી તજવિષજાણી દુર્જનીયાંથી ડરનેરે,
બ્રહ્મજનકેરી હંસમંડળી તે ઠેકાણે ઠરનેરે પ્રાતઃ.
શબ્દરૂપી માન સરોવર તે પિવાતું પગલાં ભરને રે,
મહાવાયકરુપી મણિમુક્તા ફળ, ચતુર થઈને ચરનેરે.
નિર્મળ યશ પરબ્રહ્મજ કેરા, આનંદથી ઉચરને રે,
પ્રિતમ પ્રભુનું ભજન કરીને, પ્રપંચતે પરહરને રે.
પ્રાતઃ

## રાગ - પ્રભાત (૨)

અખિલ બ્રહ્માંડમાં એક તુ આતમા,
જૂ જવે રૂપે અનંત ભાસે,
દેહમાં દેવતું તેજમાં તત્ત્વ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે, અખિલ...૧
પવન તું પાણી તું ભૂમિ તું ભૂધરા,
વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે,
વિવિધ રચના કરી ભોગ તું ભોગવે,
શિવનો જીવ થયો એજ આશે, અખિલ...૨
આદ્ય તું અંત તું મધ્ય વ્યાપી રહ્યો,
કાર્યને કારણ તું જ કહાવે,
એક અદ્વૈત તું વિશ્વ વ્યાપી રહ્યો,
હરિહર બ્રહ્મા એમ ગાવે, અખિલ...૩

વેદતો એમ કહે શ્રુતિ-સ્મૃતિ સાખ્ય દે,
કનક ને કુંડળનો ભેદ ન્હોએ,
ઘાટ ઘડિયા પછી નામ રૂપ જુજવાં,
અન્તે તો હેમનું હેમ હોએ, અખિલ...૪
વટમાં બીજ છે બીજમાં વટ છે,
એજ પટંતરો જોઉ પાસે,
ભણે નરસિંહો એ મનતણી શોધના,
પ્રીતકરુ, પ્રભુ પ્રેમે પ્રગટ થાશે, અખિલ...૫

## રાગ - પ્રભાત (૩)

સદા સદગુરુ ચરણમાં મન જેનું રમે,
તેહનાં ભાગ્યનો પાર નાવે,
સંત મહંત ની વાણી નિર્મળ સદા,
શ્રવણ કરવા બ્રહ્મ વિષ્ણુ ધાવે...સદા...૧
સંત પરિબ્રહ્મમાં ભેદ નવ આણવો,
વેદ વેદાન્તમાં સાખ્ય દે છે,
દ્વિ અક્ષર ગુરુ મહામંત્ર તે જાણવો,
એવું ઉમાપતિ ગીતા કે છે ...સદા...૨
સંત મહારાજ મહાનિધ માણે ઘણું,
સહજના સુખમાં સદાય મ્હાલે,
બ્રહ્મના રૂપમાં નિત્ય ભેળા રહે,
જગત્ જંજાલ નજરે ન ભાળે ...સદા...૩
સંત સેવન થકી બ્રહ્મપદ પામીએ,
માનજો વાત એ સદ્ય સાચી,
નારાયણ પ્રભુ ભજી પાર પહોંચી ગયા,
જગત્ ની બીજી છે સર્વ કાચી...સદા...૪

## રાગ - પ્રભાત (૪)

વૈરાગ્યના પદને વિઘન આડાં ઘણાં,
કઠણ બંધ કામના કોઈક છુટે,
કનકને કામની ચોકી આડી ચામની,
બ્રહ્મની ભક્તિને એજ લૂંટે ...વૈરાગ્ય...૧
પ્રકૃતિને વશ થયો ભક્તિ ભૂલી ગયો,
નારીએ નેણને બાણ માર્યો,
જોગ લીધા પછી ભોગની ઊચ્છા કરે,
હાથથી બાજી તું શીદ હાર્યો...વૈરાગ્ય...૨
કામનું મૂલતે કલ્પના જાણવી,
કર્મધર્મની ગાંઠ વાધે,
શીલ સંતોષના ચોબા લીધા વિના,
જન્મ મરણનો રોગ વાધે ...વૈરાગ્ય...૩
મૂલ વૈરાગ્યમાં જેહનું મન ગળે,
તેહનું ચિત્ત તે નવ ડોલે,
કહે મૂલદાસ તે સંત સમજ્યા ખરા,
વેદ વાયક તે એમ બોલે ...વૈરાગ્ય...૪

## રાગ - પ્રભાત (૫)

અંત સમે શ્રી ગુરુ નાથજી મ્હારા,
હૃદયે આવી ને રહેજો રે,
શ્રી માધવાનંદજીનું નામ નિર્મળ,
મ્હારી વાણીએ નિત્ય ઉચરજો રે ...અંત...૧
કફવાયુ વ્યાપે નહી કંઠે,
દુઃખ ન આવે દેહે રે,

ચરણ કમળમાં રહે આતમા,

શ્રી માધવાનંદજીને નેહે રે ...અંત...૨

માયા મોહ હમે નહી મુજને,

અવિદ્યા ન આવે પાસે રે,

કોટિ ક્લેશ તે નિકટ ન આવે,

જો કૃપા તમારી થાશે રે, ...અંત...૩

અન્ય દેવના આરાધન ઉપર,

મુજને નહી વિશ્વાસ રે,

મ્હારે તો એક સ્વામી ત્હમો છો,

રાખો ચરણ કમળની પાસ રે ...અંત...૪

કર જોડી ને કરુ છુ વિનંતી,

માની લેજો શ્રી ગુરુદેવ રે,

નારાયણ નમી એટલું માગે,

આપો ચરણ કમલની સેવરે ...અંત...૫

## આત્મષટક

મનોબુધ્યહંકાર ચિત્તાનિ નાહં।

ન ચ શ્રોત્રજિવ્હે ન ચ ઘ્રાણનેત્રે।

ન ચ વ્યોમભૂમિ ર્ન તેજો ન વાયુ।

ચિદાનંદ રૂપ: શિવોડહં શિવોડહમ્ ।। ૧ ।।

ન ચ પ્રાણ સંજ્ઞો ન પંચાનિલા મે।

ન વા સપ્ત ધાતુર્ન વા પંચકોશ:।

ન વાક્‌પાણિપાદૌ ન ચોપસ્થ પાયૂ:।

ચિદાનંદ રૂપ: શિવોડહં શિવોડહમ્ ।। ૨ ।।

ન મે દ્વેષરાગૌ ન મે લોભમોહૌ।

મદૌ નૈવ મે નૈવ માત્સર્યભાવઃ।
ન ધર્મો ન ચાર્થો ન કામો ન મોક્ષ।
ચિદાનંદ રૂપઃ શિવોઽહં શિવોઽહમ્ ॥ ૩ ॥
ન પુણ્યં ન પાપં ન સૌખ્યં ન દુઃખં।
ન મન્ત્રો ન તીર્થ ન વેદા ન યજ્ઞાઃ।
અહં ભોજનં નૈવ ભોજ્યં ન ભોક્તા।
ચિદાનંદ રૂપઃ શિવોઽહં શિવોઽહમ્ ॥ ૪ ॥
ન મે મૃત્યુશંકા ન મે જાતિ ભેદઃ।
પિતા નૈવ મે નૈવ માતા ન જન્મ।
ન બન્ધુર્ન મિત્રં ગુરુનૈવ શિષ્ય।
ચિદાનંદ રૂપઃ શિવોઽહં શિવોઽહમ્ ॥ ૫ ॥
અહં નિર્વિકલ્પો નિરાકાર રૂપો।
વિભુર્વ્યાપ્ય સર્વત્ર સર્વેન્દ્રિયાણિ।
સદા મે સમત્વં ન મુક્તિ ર્ન બન્ધ।
ચિદાનંદ રૂપઃ શિવોઽહં શિવોઽહમ્ ॥ ૬ ॥

**ઈતિ શ્રીમત્શંકરાચાર્ય વિરચિતં આત્મષટ્ક સમ્પૂર્ણમ્॥**

# શ્રી માધવાનંદ બાવની

## રજૂ. મધુસુદન ર. પુરોહિત - ચાંદોદ

ધન્ય ધન્ય છે વસ્તડી ગામ, સદ્ગુરુજીને કરીએ પ્રણામ.
પૂણ બ્રહ્મ ત્યાં પ્રગટ થયા, અંધકારના ઓળા ગયા.
શામગરજી પિતાનું નામ, શિવને ભજે રાખી હામ.
ખીમગર, માધવ અને હરિ, ત્રણે પુત્રોની ભક્તિ ખરી.
મોટો ભજતો મેલડી માત, બલિ ધરે કરી પશુનો ઘાત.
માધવને આ ન ગમતું, સદાયે ભડભડ ઉર બળતું.
હામ રાખી કહ્યું એક દિન, કામ કરો ના આવું હીન.
ખીમગર ગુસ્સે ખૂબ થયા, માર્યા બહુ ના રાખી દયા.
છોડી વસ્તડી ગામ દીધું, ભીમનાથનું શરણું લીધું.
બચપણથી જપ ધ્યાન ગમે, સદૈવ બ્રહ્મમાં હૈયું રમે.
પાણી ઉપર આસન નાખી, બેઠા પદ્માસન વાળી.
શામગરજીએ દીઠું નેણ, બોલ્યા ગદ્ગદ્ થઈને વેણ.
હું ધન્યો થયો આસુત પામી, સઘળી મહેચ્છા મુજ વામી.
ભીમનાથના મંદિર પાસ, નદી લીલકા રમતી રાસ.
આવ્યા આરે અવધૂત એક, નિજાનંદમાં રે' તા તેહ.
અક્ષર શિખવ્યા સરિતા તીર, પારખી લીધું માધવહીર.
અવધૂત કહે સુણો મહંત, પાળો આને રાખી ખંત.
શિષ્ય ન એને કરશો કદી, એને કાજ આ જગા નથી.
ક્ષેત્ર એનું છે મોટું ખૂબ, ચરણે એના નમશે ભૂપ.

મહાન એતો સંત થાશે, વિશ્વાખિલમાં નામ થાશે.
માધવ, કાશી આવજો તું, મળીશ તુજને નક્કી હું.
કહી અવધૂત થયા વિદાય, મધવના મન ચટપટી થાય.
ક્યારે કાશી હું જાઉં, સન્મુખ અવધૂતની થાઉં.
એક દિવસ ભાળી અવસર, ચાલ્યા કાશી વાટ અણવણ.
પગપાળા એ ચાલ્યા જાય, થાક લાગે ત્યાં પોરો ખાય.
કાશીમાં કીધો અભ્યાસ, ઝાઝાંવરસ કરીને વાસ.
વેદોના એ પંડિત થયા, ફરતા ગુજરાત ગયા.
વાને ગોરા સુંદર રૂપ, ઝળહળ થાતું મુખ અદ્ભુત.
ગામે ગામે ફરતા જાય, ઉપદેશ રૂડો દેતા જાય.
અહંતા, મમતાને મૂકો, આવશે ઈશ્વર તવ ઢુંકો.
હિંસા કદીયે ના કરવી, પારકી પીડા ઝટ હરવી.
સાલ રાજાની ના લીધી, ત્યાગની વૃત્તિ પ્રગટ કીધી.
શાસ્ત્રીજીએ લીધી શાલ, શિક્ષા તેમને કરી કરાલ.
માધુકરી માગીને ખાવ, પાંચ વરસના મોઢુ બતાવ.
કરુણા સાગર દીન દયાળ, ભક્તોની કરતા રખવાળ.
જયજય પૂર્ણ સત્યદેવ, કરું તમારી નિશદિન સેવ.
સચ્ચિદાનંદ જય સ્વામી, ધન્ય આપને થયો પામી.
આપ સમર્થ ગુરુ મને મળ્યા, ત્રિતાપ મારા સર્વે ટળ્યા.
ત્રિગુણાતીત તમે ભગવાન, ચરણ કમળમાં આપો સ્થાન.
આપને શરણે હું આવ્યો, ભેટ કશીયે નથી લાવ્યો.
મુજ અપરાધો કરજો માફ, તમેજ મારા મા ને બાપ.

ભવસાગરથી તારો પાર, અસાર લાગ્યો આ સંસાર.
નંદુ બાવાની વહાર કીધી, ભવસાગરથી તારી લીધી.
સચ્ચિદાનંદ જય ગુરુ રાજ, આવ્યો તમારા શરણે આજ.
મારા શિર પર મૂકી હાથ, મુજને પ્રભુજી કરો સનાથ.
સત્સંગીને દીધો બોધ, ભક્તિ કરવા કર્યો અનુરોધ.
આશા તૃષ્ણાને છોડી, ગુરુ ચરણમાં મન જોડી.
શ્વાસે શ્વાસે જપતાં જાપ, કોઈ કદી ના ખાતું થાપ.
ભવરણમાં ભટકતો બાળ, દાવાનળની લાગે ઝાલ.
જીવામાની ઉજાળી કુખ, ભક્તજન કેરાં ટાળ્યાં દુઃખ.
સ્વામી ઉગારો હેત કરી, આવે મને ના આંચ જરી.
સરળ સૌમ્ય સ્વામીનું મુખ, જોતા ઉપજતું અનુપમ સુખ.
વહે નિરંતર નિર્મળ વાણ, મડદામાં પણ પુરે પ્રાણ.
'મુનિ' ના મસ્તક મૂકો હાથ, મારી વહારે થાજો નાથ.
જે જન બાવની નિત્યે ગાય, તેનું સઘળું મંગળ થાય.



## ચિંતન કણિકાનો સંપૂટ

૧. વાણી, વર્તન ને વિચાર સત્ય રાખવાં.
૨. આશ્રમમાં શાન્તિથી બોલવું ને કાર્ય કરવું.
૩. સંપ, સહયોગ અને સરલતાથી જીવનને જીવવું.
૪. પ્રભુ સર્વત્ર છે, તેમ જાણી કોઈનો દ્વેષ કરવો નહીં.
૫. દુર્વ્યસનો તથા દુર્વ્યસનીથી દૂર રહેવું.
૬. હું પ્રભુનો જ અંશ છું.
૭. મારામાં અનંત શક્તિ છે. તે પ્રભુની જ છે.
૮. પ્રભુ અને હું એક જ તત્ત્વના છીએ.
૯. પ્રભુ મારામાં છે અને હું પ્રભુમાં છું.
૧૦. પ્રભુ સચ્ચિદાનંદ સ્વરૂપ છે.
૧૧. હું પણ સચ્ચિદાનંદ સ્વરૂપ છું.
૧૨. દેહ વિકારી છે ને આત્માનિર્વિકારી છે.
૧૩. આત્મા સદા શુદ્ધ રહે છે.
૧૪. આત્મજ્ઞાનથી વ્હેમ, વ્યસન અને શોક મટે છે.
૧૫. કોઈ વ્યક્તિને શત્રુ સમજવા નહીં.
૧૬. પોતાનાં ખરાબ કર્મ, સંસ્કાર અને વિચાર જ શત્રુ છે.
૧૭. સદા આનંદમાં રહેવું.
૧૮. કોઈ પ્રકારની ચિંતા કરવી નહીં.
૧૯. હું આનંદ સ્વરૂપ છું તેમ જાણવું.
૨૦. મારામાં દુઃખ છે જ નહીં તેમ દ્રઢ કરવું.
૨૧. આત્મા પરમાત્મામાં વિશ્વાસ રાખવો.
૨૨. પરમાત્મામાં વિશ્વાસ રાખવાથી ચિન્તા મટે છે.
૨૩. સારાં કર્મ કરવાથી ચિન્તા મટે છે.

૨૪. આત્મજ્ઞાન થવાથી ચિન્તા મટે છે.
૨૫. ભય ને આશા છોડવાથી ચિન્તા મટે છે.
૨૬. શ્રેષ્ઠ પુરુષનો સંગ કરવાથી ચિન્તા મટે છે.
૨૭. સર્વેમાં સમભાવ રાખવાથી ચિન્તા મટે છે.
૨૮. ધીરજ રાખીને સારા વિચાર રાખવા.
૨૯. સહન કરવાની ટેવ પાડવી.
૩૦. સાચો સંતોષ રાખવો.
૩૧. તન, મનને ધનની પવિત્રતા રાખવી.
૩૨. મન, વાણી અને શરીરથી ચોરી ન કરવી.
૩૩. કોઈ પ્રકારનો દંભ રાખવો નહીં.
૩૪. અંદર ઈચ્છા બીજી હોય અને કર્મ બીજાં કરવાં તે દંભ કહેવાય છે.
૩૫. અસત્ય પદાર્થનું અભિમાન રાખવું નહી.
૩૬. બ્રહ્મચર્યનું પાલન કરવું.
૩૭. અસત્ય વાણી બોલવી નહીં.
૩૮. સદા સત્ય, સરળ ને મધુર બોલવું.
૩૯. નિંદી કરવી નહીં અને સાંભળવી પણ નહીં.
૪૦. દોષ ન હોય તોય દોષ જોવા કે કહેવા તે નિંદા છે.
૪૧. જીભને પ્રભુ રસનો સ્વાદ ચખાડવો.
૪૨. આંખોને અવિનાશી ઓળખવામાં રાખવી.
૪૩. હાથોથી સેવા અને ઉપકાર કરવા.
૪૪. પગને પ્રભુની પાસે જવામાં વાપરવા.
૪૫. પગથી પરોપકાર માટે પગલાં ભરવા.
૪૬. મનથી મહાન સંકલ્પો કરવા.

૪૭. બુદ્ધિથી સત્યનો નિશ્ચય કરવો.
૪૮. સદા રહે તે સત્ય છે.
૪૯. સચ્ચિદાનંદનું ચિંતન કરવું.
૫૦. સર્વત્ર પ્રભુ છે તેનું ધ્યાન ધરવું.
૫૧. પ્રભુને સર્વરૂપોમાં જોવાનો અભ્યાસ કરવો.
૫૨. દેહને સાચવવો પણ આળસુ બનાવવો નહીં.
૫૩. મનને મજા કરવા દેવી પણ સાચાની, ખોટાની નહીં.
૫૪. અંતરને ઉજળુ રાખવું.
૫૫. જાગતા જગદીશને યાદ કરવા.
૫૬. અવિનાશીને યાદ કરીને આનંદમાં રહેવું.
૫૭. દેહમાં પ્રભુ પ્રગટ રીતે રહે છે તેમ માનવું.
૫૮. પ્રભુને સ્નાન કરાવું છું તેમ જાણી સ્નાન કરવું.
૫૯. પ્રભુનો આજ્ઞાપત્ર માનીને વેદ વાંચવા, વિચારવા.
૬૦. પ્રભુની આજ્ઞા પ્રમાણે પોતાનો વ્યવહાર કરવો.
૬૧. બ્રહ્માર્પણ કરીને ભોજન કરવું.
૬૨. શુદ્ધ અન્ન અને શુદ્ધ ભાવથી ભોજન બનાવવું.
૬૩. અશુદ્ધ અન્ન લેવું નહીં.
૬૪. હિંસાવાળું અન્ન અશુદ્ધ કહેવાય છે.
૬૫. સત્યકાર્યથી જ અન્ન અને ધન મેળવવાં.
૬૬. પુરૂષાર્થીને પાપ કરવું પડતું નથી.
૬૭. આળસુંને જ અધર્મ આચરવો પડે છે.
૬૮. અજ્ઞાની આળસુ બને છે.
૬૯. આળસ અને અધર્મ અજ્ઞાનનું ચિન્હ છે.
૭૦. મોહ અને મમતાથી આશા અને તૃષ્ણા વધે છે.

૭૧. આશા અને તૃષ્ણાથી પાપમાં પ્રવેશ થાય છે.
૭૨. વિવેકથી મોહ મમતા છૂટે છે.
૭૩. નિત્ય અને અનિત્ય, સત્ય-અસત્ય, ચેતન અને જડ, સુખ ને દુઃખ, આત્મા અને પરમાત્મા, વિદ્યા અને અવિદ્યા, કાર્ય ને અકાર્ય, શુભ અને અશુભ, લાભ ને અલાભ જાણવું તે વિવેક છે.
૭૪. આ લોક કે પરલોકના ઉત્પત્તિવાળા વિકારી પદાર્થો છે તે અનિત્ય છે.
૭૫. ત્રણ કાળમાં સદા રહેવાવાળા પરમાત્મા નિત્ય છે.
૭૬. નિત્ય રહેવાવાળા પરમાત્મા જ સત્ય છે.
૭૭. અનિત્ય નામ રૂપાત્મક દશ્ય અસત્ય છે.
૭૮. પરમાત્મા ચેતન છે ને માયા જડ છે.
૭૯. અનન્ત આત્મા જ સુખરૂપ છે.
૮૦. વિકારી વિનાશવાન વસ્તુ દુઃખરૂપ છે.
૮૧. દેહાદિનો સાક્ષી છે, તે આત્મા છે.
૮૨. સર્વ સંસારનો સાક્ષી તે પરમાત્મા છે.
૮૩. બ્રહ્મને જણાવે તે વિદ્યા છે.
૮૪. જગતના નામ રૂપને જણાવે તે અવિદ્યા છે.
૮૫. પ્રભુને પ્રાપ્ત કરવા તે કાર્ય છે.
૮૬. પ્રાણીને દુઃખ દેવું તે અકાર્ય છે.
૮૭. પ્રભુ જ શુભ છે.
૮૮. પ્રભુ વિનાનું જે છે તે અશુભ છે.
૮૯. પ્રભુરૂપ થવું તેજ સાચો લાભ છે.
૯૦. જન્મ વ્યર્થ ખોવો તે જ અલાભ છે.

જય શ્રી સચ્ચિદાનંદ





પ. પૂ. શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી ચિદાનંદજી મહારાજ

પ. પૂ. શ્રી ૧૦૦૮ સ્વામી
શ્રી શિવોહંસાગરજી મહારાજ



**શ્રી માધવપીઠાધિપતિ**

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ
શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર

## સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ–વેદાન્તાચાર્ય

॥ ૐ શ્રી સદ્‌ગુરૂ પરમાત્મને નમઃ ॥

અલખ નિરંજન જય સચ્ચિદાનંદ માધવાનંદ હરે હરે
માધવાનંદ હરે હરે ગુરૂ અખંડઆનંદ હરે હરે




## પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની સમાધિ

**સમાધિ સ્થળ**

શ્રી માધવાનંદ આશ્રમ
મુ. ચાણોદ, તા. ડભોઈ, જી. વડોદરા, ગુજરાત.
મો.નં. ૯૮૨૫૧ ૨૦૬૨૧

Parth @ 8347881112